# બુદ્ધિપ્રભા

## જૈન ડાયજેસ્ટ


વરસ ૬

૧૦-મે-૧૯૬૫

અંક ૬૬


### ત્રિદલ

જે ધર્મ મનુષ્યોની આંતરડી ઠારવાનો ઉપદેશ આપતો નથી અને સ્વાર્થની ખાડમાં ઉતરવાનું કહે છે તે ધર્મને દૂરથી નમસ્કાર થાઓ!!

* * *

કોઇ પણ ગરીબની આંતરડી દુઃખવવી એના જેવું કોઇ અઘોર કર્મ નથી. એવા પાપની સજા કર્મના નિયમ પ્રમાણે વહેલી મોડી થાય જ છે.

* * *

પોતાના સંબંધી કોઇગમે તેવો અભિપ્રાય બાંધે તે સંબંધી જરા માત્ર લક્ષ ન દેતાં પોતાના સત્ય માર્ગે ચાલ્યા કરવું એ જ કર્મયોગી થવાનો મૂળ મંત્ર છે.

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

[ડાયરીમાંથી]

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

# બીજાને પછી, પહેલાં જાતને સુધાર

હે આત્મન્! તું એવા પ્રકારનો સદાકાળ ઉપયોગ રાખ કે તારા મન-વાણી અને કાયા વડે કોઈનું બૂરું ન થાય.

કોઇપણ મનુષ્યને ધર્મનો ઉપદેશ આપતાં તે મનુષ્યોનાં શ્રેય માટે ઉપદેશ આપું છું એવો વિચાર કરી જા. કાલની જિંદગી કરતાં આજના જીવનમાં કંઇ જ્ઞાનાદિકનો અભિનવ રસ રેડાય એવી દશામાં તું આવ!

હે આત્મન્! તારાં કાર્યો અને તારા આચાર અને વિચારોના જે પ્રતિપક્ષીઓ હોય તેઓના આત્મા ઉપર કરુણા અને મૈત્રીભાવના ધારણ કરીને તેઓનું ભલું પોતાના હાથે થાય એવો દૃઢ સંકલ્પ કર!

હે આત્મન્! તારી જીવનયાત્રામાં જેઓ સહાય કરનાર બન્યા હોય તેઓના આત્માઓને સહાય આપી શકાય એવી સ્થિતિ તને પ્રાપ્ત થાઓ એવી ભાવના ભાવ!

હે આત્મન્! જો તું એ કોટી કરતાં સમભાવની કોટી ઉપર જે વખતે હોય તે વખતે શત્રુ અને મિત્ર પર સમાનતા ધારણ કર અને સમભાવ દૃષ્ટિથી સાનુકૂળ કે પ્રતિકૂળ જીવોને દેખવાનો અભ્યાસ કરીને અપ્રમત્તદશાના આનંદનો અનુભવ કર!

હે આત્મન્! તારી જિંદગી અનેક મનુષ્યોના આશ્રયભૂત બનો.

હે આત્મન્! સ્વપુરુષાર્થ અર્થાત્ આત્મપ્રયત્નરૂપ મિત્રથી તારું શ્રેયઃ થનાર છે આત્મપુરુષાર્થથી મોહનીયાદિ કર્મનો નાશ થાય છે.

હે આત્મન્! વર્તમાનની જિંદગી પર ભવિષ્યનો આધાર છે એમ જાણીને તું વર્તમાનકાળમાં સ્વસુધારો કર!

[ ડાયરીમાંથી ]

मित्ती मे सव्व भूएषु वेरं मज्झं न केणइ।

બધા જીવો સાથે મારે દોસ્તી છે; દુશ્મની મારે કોઈ સાથે નથી.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સાહિત્ય પ્રકાશન મંદિર સંચાલિત.



# બુદ્ધિપ્રભા

જૈન ડાયજેસ્ટ


| | | |
|---|---|---|
| ૧૦ મે ૧૯૬૫ | વરસ ૬ : સળંગ અંક ૬૬<br>લવાજમ<br>(ભારત) રૂા. ૫–૦૦ પરદેશ રૂા. ૭–૦૦<br>છુટક નકલ પચાસ ન.પૈ. | કાર્યાલય<br>C/o જે. એસ. દંતારા<br>૧૨/૧૬, ત્રીજો ભોયવાડો,<br>મુંબઈ—૨ |
| ઇંદિરા શાહ<br>તંત્રી | ગુણવંત શાહ<br>સંપાદક | ભગવાન શાહ<br>સહતંત્રી |


## પ્રેમ ગીતા

તું અને હું ના ભેદ ભૂલી જા

તું તે હું માન

હું તે તું માન

હું અને તુંનું વિલિનીકરણ

એટલે જ

**શુદ્ધ પ્રેમ**

## ચિંતન કણિકા

ઈશ્વર જો સત્ય હોય તો એના જેવું સુંદર સત્ય એકેય નથી.

અને જો એ માત્ર કલ્પના જ હોય તો એના જેવી શ્રેષ્ઠ કલ્પના પણ બીજી કોઈ નથી.

*

પરિસ્થિતિ અને માનવ વચ્ચે થએલી સમજુતિ એનું નામ સંતોષ.

*

હા, જિંદગી એક ખેલ છે. ખેલતાં આવડે તો એના જેવો ખેલ બીજો એકેય નથી.

*

સ્ત્રી જો પુરુષ વિના ચલાવી લે તો સ્ત્રી જગતના ઘણાખરા સવાલોનો અંત આવી જાય.

*

કળી ખીલીને ફુલ બને છે
આતમ ખીલીને પરમાત્મા.

*

અરે ! જ્યાં જિંદગી જ ક્ષણભંગુર છે ત્યાં સુખને હસવું શું અને દુઃખનું રડવું શું ?

*

અરમાન વિનાની જિંદગી એ કંઈ જિંદગી નથી; વરસોની માત્ર એ ચડઉતર છે, ચડઉતર.

*

માનવી અને પશુમાં આટલો જ તફાવત છે.

પશુ જેવું હોય છે તેવું જ જીવન તે બતાવે છે. વિકારી હોય તો વિકારી અને શાંત હોય તો શાંત.

જ્યારે માનવી ? જવા દો એ વાત, દરેકને પોતાના જીવનનો સુંદર પરિચય છે.

—ગુણવંત શાહ

એપ્રિલની બારમી તારીખે જૈન શ્વેતાંબર કોન્ફરન્સના અધ્યક્ષ ને સૂત્રધાર શ્રી અભયરાજ બલદોટાએ પ્રેસ કોન્ફરન્સ બોલાવીને ભાવિ કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

કોન્ફરન્સનું મુખ પત્ર "જૈનયુગ" ફરીથી પ્રગટ કરવું,

જૈન ભાઈઓની બેકારીને દૂર કરવા "એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ" મારફત પ્રયત્ન કરવા.

અને સાદાઈથી લગ્નો કરાવી આપવા.

આ ત્રણ કાર્યક્રમ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આમ જ્યારે ઘણા સમયની આળસ ખંખેરી કોન્ફરન્સ જાગી રહી છે તે સમયે પચાસ વરસ પહેલાં શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ જે ટકોર પ્રેરણા અને પ્રગતિનો રાહ ચીંધતો પત્ર લખ્યો હતો એ પત્ર આજે પણ તેવો જ પ્રેરણાત્મક બની રહેશે. તેમ સમજી તે પત્ર અત્રે પ્રગટ કર્યો છે.

કોન્ફરન્સના કાર્યકર્તાઓને સંતની એ પ્રેરણા જરૂર કાર્યગત બની રહેશે.

અમદાવાદ,
સંવત ૧૯૬૮ અષાડ વદ ત્રીજ.

જૈન શ્વેતાંબર કોન્ફરન્સ,
મુંબઈ.

સેક્રેટરી **શા. કલ્યાણચંદ સૌભાગ્યચંદ** તથા ભાઈ **અમરચંદ** વગેરે.

ધર્મલાભ. તમારો પત્ર પહોંચ્યો. કોન્ફરન્સ હેરોલ્ડ માટે સુચવેલી સુચના પ્રમાણે સુધારો કરવાનું લખ્યું તે જાણ્યું છે.

**જૈનોના વર્તમાન બારીક મામલા પ્રસંગે મધ્યસ્થત્વ ધારીને પડેલા ભેદો જમાય એવી દીર્ઘદષ્ટિ વાપરીને યથાશકિત પ્રયત્ન કરશો. જૈનોમાં સંપ વધે તે માટે તમારા જેવા પ્રયત્ન કરશે તો અંતે પાછી શાંતિ થઈ જશે.**

સુશ્રાવક ગુલાબચંદ ઢઢ્ઢા તથા શા. મોતીચંદ ગીરધર કાપડિયાનો કોન્ફરન્સ ભરવા સંબંધી શો વિચાર છે તે લખી જણાવશો.

**કોન્ફરન્સ ભરવાની આવશ્યકતા છે પણ તેના આગેવાનોએ સમયજ્ઞ થવું જોઈએ અને તેઓએ જાહેર હિંમત ગુમાવવી ન જોઇએ.**

વલસાડમાં કોન્ફરન્સ ભરવા સંબંધી વ્યવસ્થા કરી હતી અને ત્યાંનો સંઘ અમારા ઉપદેશથી તે કાર્ય ઉપાડી લેત પણ અત્યારની ક્લેશની વિટંબનાથી તે બાજી પાછી સંકેલી લેવી પડી હતી, તે સંબંધી હકીકત શા. ગુલાબચંદ ઢઢ્ઢાના જાણવામાં હતી.

**કોઈ પણ કાર્ય કરતાં વિટંબના ભોગવવી પડે છે.**

ગામડાં કરતાં શહેરમાં કોન્ફરન્સ ભરવાની સગવડતા અને કાર્યવાહકોને પણ સુગમતા થાય એમ બનવું સ્વભાવિક છે.

જૈનોનો મોટો ભાગ કોન્ફરન્સને ચાહે છે. અને તે પ્રગતિના માર્ગમાં હેતુભૂત પણ છે. પરંતુ તેની સાથે જણાવવાનું કે—

**કોન્ફરન્સના આગેવાનોએ અને તેના લાગતા વળગતાઓએ ચારે તરફથી ઘણું સંભાળીને પ્રવર્તવું જોઈએ. અનેક જૈનોનાં મન મેળવીને અને અનેક જૈનોને પોતાના**

**સદ્વિચારો આપીને તથા ઠરાવ પ્રમાણે વર્તીને ધીમી ધીમી ગતિ કરીને સંગીન સુધારા કરવા જોઇએ.**

કોઇપણ બાબતમાં બે મતભેદ પડે એમાં કંઈ આશ્ચર્ય નથી. પણ તેમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવો જોઇએ.

અન્ય કોમો કરતાં જૈન કોમ પાછળ રહે એમ તો કદી ઇચ્છવા યોગ્ય નથી અન્ય કોમો કરતાં જૈન કોમ આગળ વધે એવા ઉપાયો લેવા જોઇએ, તુર્ત વાવેલાં બીજ કંઈ એકદમ ફળ આપી શકતાં નથી. બીજ વાવનારાઓને પોતાને ફળ મળે એવી આશાએ જ બીજ ન વાવવાં જોઈએ પણ ભવિષ્યની પ્રજા માટે સતકાર્યનાં બીજો વાવવાં જોઇએ.

જૈનોમાં હાલ ચાલતો કુસુંપ સદાકાળ રહેવાનો નથી. જે થાય છે તે સારા માટે થાય છે. ભવિષ્યમાં કંઈ સારું પરિણામ આવવાનું હશે તો કોણ જાણે.

**ગંભીરતા અને સહનશીલતા ધારણ કરીને જૈન બંધુઓનું ભલું કરવા પ્રયત્ન કરશો. અને મનમાં પ્રગટ થતાં ભેદને શમાવી દેશો.**

શ્રી વીતરાગ ધર્મની આરાધના કરશો. પ્રભુ ભકિતમાં સદાકાળ તત્પર રહેવું. **જૈન ધર્મની** આરાધના કરવામાં પ્રમાદ કરવો નહિ ધર્મના કાર્યો કરવામાં પ્રવૃત્તિ કરવી. પરભવનું ભાતુ બાંધવામાં ખામી રાખવી નહિ. જ્યાં સુધી આયુષ્ય છે ત્યાં સુધી ધર્મની સાધના ખરા ભાવથી કરશો.

**ઘરમાં એક આગેવાન ધર્મી હોય છે તો તે આખા ઘરના મનુષ્યોને ધર્મી બનાવે છે.**

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

લિ૰ બુદ્ધિસાગર.

# કોન્ફરન્સે બોલાવેલી પ્રેસ કોન્ફરન્સ

## એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ : લગ્ન વિભાગ
## ' જૈન યુગ ' અને હિરક મહોત્સવ

આ ચતુરંગીની સંપાદકીય

ચર્ચા વિચારણા

તા. ૧૨-૩-૬૫ ના રોજ જૈન કોન્ફરન્સના અધ્યક્ષ શ્રી અભયરાજ બલદોટાએ કોન્ફરન્સના ભાવિ કાર્યક્રમની તેમ જ સંસ્થાની વર્તમાન પ્રવૃત્તિઓની માહિતી અને સંસ્થાનો પરિચય આપવા માટે પ્રેસ કોન્ફરન્સ બોલાવી હતી.

કોન્ફરન્સ તરફથી બોલાવાયેલી આ કોન્ફરન્સમાં ભાવિ કાર્યક્રમની રૂપરેખા આપતાં ચાર મુદ્દાઓ વિષે વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. તે મુદ્દા તે આ:—

(૧) જૈન ભાઇ-બ્હેનોની બેકારીને દફનાવવા માટે એમ્પલોયમેન્ટ એક્ષચેન્જ.

(૨) જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું બંધ પડેલું મુખ પત્ર—'જૈન યુગ' નું પુનઃ પ્રકાશન.

(૩) સાદાઇથી લગ્નો પતે તે માટે 'લગ્ન વિભાગ'નો પ્રારંભ.

(૪) હિરક મહોત્સવ.

આજે જ્યારે બેકારીની નાગચૂડમાં આપણા સમાજના શિક્ષિત યુવાનો ભીંસાઇને દમ તોડી રહ્યા છે તેવા સમયે કોન્ફરન્સ તરફથી એમ્પલોયમેન્ટ એક્ષચેન્જની પ્રવૃત્તિને ધમધમતી બનાવવાનો જે નિર્ધાર લેવાયો છે તે આવકારદાયક છે એટલું જ નહિ પ્રોત્સાહનીય પણ છે. પરંતુ આ પ્રવૃત્તિ સફળ બનવાનો આધાર સમાજના ઉદ્યોગપતિઓ અને વેપારી આલમ પર છે. તેઓ પોતાના કારખાનાઓ, પેઢીઓ તેમજ દુકાનોમાં જૈન ભાઇઓને કામ આપવા માટે આગ્રહ સેવે તો જ આ પ્રવૃત્તિને ધારી સફળતા મળે. બીજું પોતાને જોઇતા માણસો, એ કોન્ફરન્સના આ એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ મારફત મેળવવાનો દૃઢ આગ્રહ રાખે તો જ આ પ્રવૃત્તિ કામયાબ બને.

પરંતુ એથી ય વિશેષ જવાબદારી તો કોન્ફરન્સના કાર્યકર્તાઓની રહેશે. તેઓએ સદાય જાગૃત રહેવું પડશે કે કઇ કંપની અને કારખાનાને માણસોની જરૂર છે. એ કંપની અને

કારખાનાના માલિકોને સમજાવીને, જરૂર પડે તો તેમના પર દબાણ લાવીને પણ જૈન બેકાર ભાઇઓને તેમને ત્યાં કામ અપાવવા માટે દોડ-ધામ કરવાની રહેશે.

આ માટે સૌ પ્રથમ જરૂર રહેશે કોન્ફરન્સના કાર્યાલયમાં જવાબદાર કાર્યકર્તાઓની સતત હાજરી.

આ કાર્યાલયમાં જવાબદાર કાર્યકર્તાઓ જ્યાં સુધી બેસીને સમાજના સતત સંપર્કમાં રહીને કાર્ય કરતાં નહિ બેસે ત્યાં સુધી કોન્ફરન્સની પ્રવૃત્તિમાં ચેતન આવવાનું નથી. કોન્ફરન્સના કાર્યકર્તાઓ બધા બાહોશ વેપારીઓ છે, તેઓને એ સમજાવવાની જરૂર ન હોય કે વેપારને વધારવો હોય યા વેપાર કરવો હોય તો દુકાનમાં ગેરહાજર રહીને ન થાય. સંસ્થાના કામોનું પણ તેવું જ છે. આજ કાર્યાલયમાં કોઇ જ જવાબદાર કાર્યકર્તાની બેઠક નથી. ત્યાં કામ કરતાં કારકુન ભાઇઓને ટેલીફોનથી જ કામ કરવું પડે છે. આના બદલે જો ત્યાં કોઈ કારોબારીના કાર્યકર્તાઓ-માંથી કોઈ એકાદની પણ જો સતત


શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સાહિત્ય પ્રકાશન ગ્રંથમાળા તરફથી પ્રગટ થઈ ચૂકયાં છે

**પ્રેરણા ભર્યાં પ્રાણવાન પ્રકાશનો :—**

* **ભજનપદ ભાવાર્થ સંગ્રહ**
* **રત્નદીપ યાને ગુરુબોધ**
* **શિષ્યોપનિષદ**
* **જૈન પ્રોફેટ (અંગ્રેજી)**

અને હવે ટુંક સમયમાંજ પ્રગટ થાય છે.

# જૈનોપનિષદ્

લેખક : **શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી**

**કિંમત એક રૂપિયો.**

—: લખો યા મળો :—

ભગવાન શાહ
૧૭૦/૭૨ ગુલાલવાડી,
મુંબઈ-૪

શ્રી ચીમનલાલ જેચંદભાઈ
શેઠ મનસુખભાઇની પોળ,
કાળુપુર, અમદાવાદ.

ને નિયમિત હાજરી હોય તો કામ ઘણું સરળ અને સંગીન બની રહે અને 'એમ્પલોયમેન્ટ એક્ષચેન્જ' ની પ્રવૃત્તિ માટે તો તે પ્રવૃત્તિના સંચાલકની હાજરી અવસ્ય જોઇશે તો જ આ પ્રવૃત્તિ ધાર્યું નિશાન મારી શકશે.

ત્રીજી જવાબદારી જૈન બેકાર ભાઇ–બેનોની છે. તેઓએ તુરત જ પોતાની અરજી કોન્ફરન્સમાં કરવી જોઇશે. તેમના સહયોગ વિના તો આ પ્રવૃત્તિ આગળ વધવાની જ નથી.

'કોન્ફરન્સ અમને શું નોકરી અપાવશે' એ નિરાશા મનમાં નહિ રાખીને–"ડૂબતાને તરણાની પણ આશા' રાખીને પોતાના નામની નોંધણી કોન્ફરન્સના કાર્યાલયમાં તુરત જ કરાવવી જોઇશે.

આમ જો બેકારો, ઉદ્યોગપતિઓ અને કાર્યકર્તાઓનો અવિરત ને સંનિષ્ઠ પ્રયત્નોનો સહયોગ સધાય તો જરૂરથી આ પ્રવૃત્તિ એક રચનાત્મક ને સમાજોપયોગી બની રહેશે એમાં જરાય શંકાને સ્થાન નથી.

કોન્ફરન્સે બીજા કાર્યમાં 'જૈન યુગ' ને પુનઃ પ્રકાશિત કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય ઘણો જ મોડો લેવાયો છે પણ કંઈ નહિ. Late is better than never. નથી જ તેના કરતાં વિલંબ પણ અપેક્ષાએ સારો જ છે.

આ નિર્ણયની જાહેરાત સાંભળીને 'સેવા સમાજ' સાપ્તાહિકના તંત્રી જરા છેડાઇ પડયા છે. અને તેઓશ્રીએ તા. ૨–૫–૬૫ ના અંક ૩૮ થી ૪૦ ના પાન નં. ૧૮ અને પાન નં. ૨૨ ઉપર આ અંગે નનામો લેખ લખ્યો છે. તેમાંનો અનુરોધ ને લખાવટ એવા પ્રકારની છે તેથી સહેજ માની શકાય કે આ લખાણ કોઇ સ્વતંત્ર લેખકનું નહિ પરંતુ તંત્રી સ્થાનેનું છે. એ લખાણ જેનું હોય તેનું પરંતુ એમાં જે સવાલ પૂછવામાં આવ્યો છે કે—

કોન્ફરન્સ પોતાના મુખપત્રમાં છાપશે શું? અને તેનો જવાબ પણ પ્રશ્નમાં જ આપ્યો છે શું સમાચાર?

તો એ લેખના લેખક ભાઇને અમે પૂછીએ છીએ કે 'જૈન યુગ' સમાચાર નહિ છાપે તો શું કોરા પાના છાપશે?

અને સમાજનું કયું પત્ર કોન્ફરન્સને ખાત્રી આપી શકે તેમ છે કે કોન્ફરન્સના તમામ સમાચાર, અહેવાલ, અપીલો, કાર્યક્રમોની નોંધો, દાનોનો સ્વીકાર વિગેરે કોન્ફરન્સ તર-

(વધુ માટે જુઓ પાનું ૫૭ મું)

જીએશા

⊙

# દોસ્તી

એક હતો આંધળો.

એક હતો લૂલો.

બંને એક બીજાના આધારે એક ગામ ભણી જઈ રહ્યા હતા. રસ્તામાં એક આંબાનું ઝાડ જોઇ લૂલાને કેરી ખાવાનું મન થયું. આંધળાને તેણે કેરીની વાત કરી. તેને પણ કેરી ખાવાની ઈચ્છા બતાવી. એટલે આંધળાના ખભે લૂલો ચડયો. અને કેરીઓ તોડી લીધી. અને બંનેએ આનંદથી ખાધી.

એટલામાં કયાંકથી રખેવાળ આવ્યો. અને આંબાની ડાળને હાલતી જોઇ તેને શક ગયો. તુરત જ તે આંધળા લૂલાની પાછળ ગયો અને તેમને પકડી પાડયાં.

'કેરીઓ તમે તોડી હતી?'

'ના રે ભાઇ! હું તો લંગડો છું.'

'ત્યારે તેં તોડી હતી.'

'ના રે ભાઈ! હું તો દેખતો જ નથી.'

રખેવાળ આ લોકોની ચાલાકી સમજી ગયો એટલે તુરત જ તેણે ગુસ્સે થઇને આંધળાના ખભા પર લૂલાને બેસાડી દીધો. અને બતાવ્યું કે તમે આમ કેરી તોડી હતી.

પાપ અને પુણ્યનું પણ તેવું જ છે.

દેહ કહે છે હું તો જડ છું. જડથી પાપ કેવી રીતે થાય?

ત્યારે આત્મા કહે છેઃ અરે! ઓ દેહ! અત્યારે હું શું પાપ કરું છું? મારે તો ઇન્દ્રિયો જ નથી. અને ઇન્દ્રિયો વિના તે કેવી રીતે બને? માટે મારું નામ તો ભાઈ? તું લેતો જ નહિ.

ત્યારે કર્મરાજા આત્માને દેહના ખભા પર બેસાડીને બતાવે છે કે શા માટે એક બીજા પર દોષારોપણ કરો છો?

કારણ દોષિત તમે બંને છો.

તમે એક બીજાના સહકારથી જ પાપ ને પુણ્ય કરો છો.

આ સાંભળીને દેહ અને આત્મા શું બોલે?



ભગવાન શાહ

સંકલન

# મુખડા દેખો દર્પનમેં

જે સાધુઓ
એક બીજાની નિંદા કરે છે,
એક બીજાની વિરુદ્ધ વાતો કરે છે,
ગાળો દે છે, મશ્કરી કરે છે,
મર્મ હણાય એવા પ્રપંચો બોલે છે,
તેઓ સાધુ માર્ગથી
ભ્રષ્ટ થાય છે.

જે સાધુઓ
બીજાનાં દૂષણો કહે છે,
લોકો પર જુઠ્ઠા આળ ચડાવે છે,
તેઓમાં વસ્તુતઃ
સમ્યકત્વ
હોય એમ કહી શકાય નહિ.

જે સાધુઓ અને સાધ્વીઓ બીજાના ગુણો દેખીને પ્રમોદભાવ ધારણ કરે નહિ અને ઉલટું બીજાના ગુણો દેખી–સાંભળીને નિંદા કરે અને ઇર્ષ્યાથી બળે તે ચારિત્ર્યમાર્ગથી પડે છે અને બીજાના આત્માઓને પણ તે પાડે છે.

જે સાધુઓ
ઉપાધિથી બીતા નથી, અને
શ્રાવકોને
કલેશની ઉદીરણામાં
દોરવે છે.

તે સાધુઓ
નિરૂપાધિ સંયમ સુખથી
ભ્રષ્ટ થાય
છે.

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

છગનલાલ પરમાર

# પાગલ કોણ?

એક રાજાને એવી ધૂન ચડી કે પાગલને ઇનામ આપું. વિદ્વાન હોય, ગુણવાન હોય, બળવાન હોય, શૌર્યવાન હોય, રૂપવાન હોય, એવાને તો ઇનામ મળે, પણ પાગલને ઇનામ ક્યાંથી મળે? બસ, હું એને ઇનામ આપું.

આવી ધૂન તો કોને ચડે? જે પોતે જ ધૂની હોય, જેના મનનું પાસું પાગલનું હોય. આ રાજાનું પણ એવું હતું. રાજાનું પદ જ કોઈ અનોખું છે. ઊંચે ચડાવે તો એ છેક પરાકાષ્ટાએ પહોંચાડે. ભગવાને જ ગીતામાં કહ્યું છે ને, કે મનુષ્યોમાં હું રાજા છું. પણ એ પદ જો નીચે પછાડે તો થઈ રહ્યું પછી! રાજા, વાજા ને વાંદરા, એ કહેવત જરાય જૂઠી ન ઠરે. પહેલી શકયતા અતિ ઓછી, જ્યારે બીજી અપાર. એટલે જ તો આજે રાજાશાહીનો યુગ આથમી ગયો ને!

રાજાએ દીવાનને બોલાવીને હુકમ કર્યો કે, "આપણા રાજ્યમાંથી મોટામાં મોટો પાગલ શોધી કાઢો ને મારી પાસે રજૂ કરો. મારે એને ઇનામ આપવું છે. આ રત્નજડિત સુવર્ણ લાકડી ઇનામમાં આપવી છે. પણ જોજો. એ ખરેખરો પાગલ હોવો જોઈએ. એ પોતે પણ કબૂલ કરે કે, 'હા, હું પાગલ છું, મોટો પાગલ છું."

આમ જુઓ તો રાજા વાતડાહ્યો માણસ લાગે, પણ લંબાવે ત્યાં જરા વાયલ દેખાય. પોતાની ધૂનમાં જ પડયો જાય. ન બીજાને સમજે કે સાંભળે. રાજાને કોણ કહે કે મારી વાત સાંભળ? અને એ પણ આવા વાયલ રાજાને?

એટલે વાંધા–વિરોધની વાત તો ક્યાં રહી, પણ કશી સલાહસૂચના પણ દીવાને ન કરી. રાજાની આજ્ઞા અનુસાર તેણે માણસોને પાગલની શોધમાં મોકલી આપ્યા.

ઇનામની લાલચે તો ઘણાય ઘેલા બને. ઘેલાની ભૂમિકા ય આબાદ ભજવી દે, પણ અહીં તો ખરેખરા ઘેલાનું કામ હતું, અને એ પણ એવો ઘેલો, જે કબૂલ કરે કે, 'હા, હું ઘેલો છું.'

દીવાનના માણસો પાગલને જઇને પૂછે:

"તું પાગલ છે ને?

જવાબ મળે : "કોણ હું પાગલ? પાગલ તું ને તારો બાપ."

"અરે તારા રાજાની ઐસીતૈસી. પાગલ તો તું છે કે અહીં આવ્યો છે પૂછવા. તું જ જઇને લઇ લે ને ઇનામ."

અને કોઇ પાગલ મારવા દોડતા, કોઇ ગુસ્સો કરીને ચાલ્યા જતા, કોઇ જાતજાતના ચેનચાળા કરતા. કોઈ ખડખડાટ હસતા, તો કોઈ વળી એના અલગારી અવાજે લલકારી ઊઠતા.

**"દુનિયાને ઊંધા ચશ્મા,**
**ડાહ્યા દીવાના લાગે."**

દીવાને પોતે પણ પ્રયાસ કરી જોયો. ગામેગામ એ ફરી વળ્યો. નજીક જઇને ઝીણવટથી જાતમાહિતી મેળવતા એ છક્ક થઈ ગયો. પ્રજા આખીના મનનું વાજું બેસૂરું ને બેતાલું વાગતું લાગ્યું. કોઇની ડાગળી થોડી ચમકી ગયેલી, તો કોઇની વધુ. મગજનો સ્ક્રૂ દરેકનો જરા ઢીલો. 'યથા રાજા, તથા પ્રજા.'

પૂરેપૂરા પાગલ પણ પાર વગરના નીકળ્યા, પણ પાગલપણું કબૂલવાની વાત ખોટી. કબૂલ કરવા જેટલી સમજણ કે સ્વસ્થતા હોય તો એ પાગલ કેમ કહેવાય !

કબૂલ કરે એવાને રાજા પાસે રજૂ કરે ને રાજાને જો એમ થઇ જાય કે આ તો ખરેખરો પાગલ નથી તો દીવાનનું આવી જ બને. રાજાનું ભલું પૂછવું. એમાં યે આ રાજા તો વાજા ને વાંદરાની જમાતનો ! દીવાન જૂઠ્ઠો બોલો લાગે તો શૂળીએ જ ચઢાવે.

દીવાને હાથ ખંખેરી નાખ્યા. રાજાની શરત સિદ્ધ થતી નહોતી. શરત જ વિચિત્ર હતી, સિદ્ધ ન થાય એવી.

Grams : **SUKESHI** Pho 334238

Please Contact For.
ALLOY TOOL STEEL.
AND

- High SPeed Steel
- O. H. N. S. Steel
- Stainless Steel
- High Carbon High Chrome
- Carbon Steel
- Nickle Chrome Steel
- Hot Die Steel

**UNITED STEEL AGENCY**
(India) 92, Nagdevi Street, **BOMBAY-3.**

જમાનાનો ઉદ્ધાર કરવાવાળા તમે કોણ છો?
શું તમે તમારો પોતાનો ઉદ્ધાર કર્યો છે?
—અજ્ઞાત.

રાજા પાસે જઇને દીવાને પેટછૂટી વાત કરી દીધીઃ "મહારાજ! રાજ્યના ગામેગામમાં ગાંડા તો ગાડાંનાં ગાડાં ભરાય એટલા પડયા છે, પણ ગાંડો હોવાનું કોઈ કબૂલ કરતો નથી."

રાજા દ્વિધામાં પડી ગયો. એને ગળે ઘૂંટડો ન ઊતર્યો. બોલ્યોઃ "કબૂલ ન કરે તો આપણને ખાતરી કેમ થાય? એવું યંત્ર થોડું આવે છે કે માથા પર મૂકતાં પાગલપણું પરખાઈ જાય. આતું અમૂલ્ય ઇનામ, ખાતરી થયા વગર, ગમે તેને કેમ આપી દેવાય? તરકટ ન ચાલે."

કહેવાનું દીવાનને મન તો થયું. કે, "મહારાજ, આપની શરત જ ખોટી છે. ખરેખરો પાગલ પોતાના પાગલપણાનો એકરાર જ ન કરે. એકરાર કરવા જેટલી ગતાગમ હોય તો એ પાગલ શાનો?"

પણ એવું કહેવા બેસે, ને ક્યાંક આડું વેતરાય તો? રાજાને એમ થાય તો તો દીવાનનું બેસલ જ ઊંધું થાય ને?

એટલે પાગલની ખોજ હજીયે જારી રાખવાની દીવાને ખાતરી આપી ને મૂંગો જ રહ્યો. રાજાને, ધૂન પૂરી ન થઇ એનો અજંપો થઇ ગયો. ક્યાંય ચેન ન પડે. જીવને કરાર ન વળે.

અધીરો થઇને રાજા પોતે ક્યારેક ક્યારેક પાગલની ખોજમાં નીકળી પડતો. સાથે પેલી સાચા હીરામોતી જડેલી સોનાની લાકડી પણ લઇ જતો. દીવાને કહ્યું હતું એમ જ બધું જોવા મળ્યું. પાગલ હોવાનું કોઈ કબૂલ જ કરતો નહોતો. રાજાને થયું, સાથે માણસો આવે છે એટલે પાગલો ડરતા હશે. માણસોને સાથે આવવાની એણે મના કરી, ને કોઇ વાર એકલો નીકળી પડતો.

એક વાર ગામને પાદર નદી કાંઠે તે ફરતો હતો. દૂર આવેલી એક ઝૂંપડીમાંથી થોડાક માણસોને તેણે એકસામટા બહાર નીકળતા જોયા. સાંજ પડી ગઈ હોવાથી બધા ઝપાટાબંધ નગર ભણી જઈ રહ્યા હતા. રાજાને થયું, ઝૂંપડીમાં રખેને કોઈ દીવાન બેઠો હોય. આ માણસો તેનું ટીખળ કરવા ટોળે વળ્યા હોય. પોતાને આવતો જોઇને, પાગલને પજવ્યાથી રાજા સજા કરશે એ ડરના માર્યા ભાગ્યા હતા.

રાજાએ ઝૂંપડી તરફ ઝડપથી

પગ ઉપાડયો. જઇને જોયું તો એક સાધુ પાટ ઉપર બેઠો હતો. કદાવર કાયા ને મસ્ત મુખમુદ્રા! માથે મોટી જટા. લાંબી દાઢી ને ખુલ્લું શરીર. માત્ર કૌપીન પહેરેલી. ઝૂંપડીની બારીએથી ખીલેલી સંધ્યાને નિહાળતો બેઠો હતો.

રાજા બારણામાં આવીને ઊભો રહ્યો તો યે તેનું ધ્યાન ખેંચાયું નહિ. કથા સાંભળીને શ્રોતાજનો બહાર ગયા કે તેણે બારી બહાર નજર કરી અને તેની નજર ત્યાં ચોંટી રહી. અહીંની પ્રકૃતિ કોઈ અદ્ભુત હતી. પળે પળે અવનવાં રૂપ ધરતી. એ રૂપપલટો નિહાળીને મુગ્ધ બની જાય એવો આ સાધુ હતો.

પણ સુતારનું મન બાવળિયે. રાજાએ આ સત્સંગી, તત્ત્વજ્ઞાની, પ્રકૃતિપ્રેમી સાધુને પાગલ માની લીધો. બિલ્વમંગળે જેમ પોતાની નવોઢાને નિહાળવાની અધીરાઇમાં કાળી ડિબાણુ મેઘલી રાતે સરિતામાં તરતા શબને હોડી માની લીધેલી, ગોખે લટકતા સાપને દોરડું માની લીધેલું.

"તું પાગલ છો કે નહિ?" રાજાએ અધીરાઇમાં એકદમ પૂછી નાખ્યું.

સાધુનું ધ્યાન ખેંચાયું. જોયું તો સામે રાજાના હાથમાં મેલી રત્નજડિત

> જે પોતે જ સંસારની વાસનાઓમાં લુબ્ધ છે તે બીજાનો ઉદ્ધાર શી રીતે કરી શકવાનો છે?
>
> —આ. વિજયધર્મસૂરિ.

સુવર્ણછડી. સાધુને કાને રાજાની આ વાત આવી ગયેલી. તે સમજી ગયો.

"હા, પાગલ જ છું," સાધુએ સસ્મિત જવાબ વાળ્યો.

"ખરેખરો ને મોટામાં મોટોને?"

"હા, હા, ખરેખરો ને મોટામાં મોટો મારાથી મોટો પાગલ દુનિયામાં કોઇ નહિ હોય." સાધુએ મુક્ત કંઠે અટ્ટહાસ્ય કર્યું. એ અટ્ટહાસ્યે ઝૂંપડીને ગજવી મૂકી, ને ઊંચી ભેખડો વચ્ચે વહેતી સરિતાના જલતરંગોમાં પડયા પડયા સાંજે માળા તરફ પાછા ફરી રહેલાં પંખીઓએ કિલકિલાટ કરી મૂકયો. પૃથ્વીને વિદાય-અર્ધ્ય અર્પી રહેલા સૂર્યનારાયણે છેલ્લાં કિરણો સંકેલી લીધાં.

રાજાને થઈ ગયું, જેવા પાગલને તે શોધી રહ્યો હતો એવો જ બરાબર આ પાગલ છે. તેના હૈયામાં હર્ષનું પૂર આવ્યું, અને એના ધૂઘવાટે તેના કંઠેથી હાસ્યની છોળો ઊછળી.

અને રાજાએ મેલી આયા હીરા

> એક વાત હું દિવસની જેમ સ્પષ્ટ જોઉં છું કે દુઃખનું કારણ અજ્ઞાન સિવાય બીજું કંઇ જ નથી.
>
> —વિવેકાનંદ

મોતીથી જડેલી સોનાની લાકડી સાધુના હાથમાં સોંપી દીધી.

પરંતુ લાકડી સામે સાધુએ નજર સુદ્ધાં ન કરી. હાથમાં જેવી એ આવી કે પાછળની ઘાસની દીવાલમાં ખોસી દીધી.

રાજા તો ગુસ્સે થવાને બદલે ફરીથી હસી ઊઠયો :

"ખરો, ખરો પાગલ નીકળ્યો તું તો ! અમૂલખ ચીજની તને કાંઈ કિંમત જ નથી. પાગલ કોને કહે ? બસ તું જ લાયક છે આ ઇનામને."

અને હસતો હસતો, ચિરવાંછિત ધૂન સંતોષવાનો પ્રબળ સંતોષ અનુભવતો રાજા ચાલતો થયો.

વર્ષો વીતી ગયાં એ વાતને. સમયે સમયનું કામ કર્યું. વૃદ્ધાવસ્થાએ રાજાને ઘેરી લીધો ને અસાધ્ય વ્યાધિએ કબજો જમાવ્યો. રાજવૈદ્યોએ હાથ ખંખેરી નાખ્યા. રાજાને પણ થયું, હવે દેહ પડે તો સારું. ભયંકર વ્યાધિની અસહ્ય વેદનામાંથી છૂટાય.

આજુબાજુ બેઠેલાં કુટુમ્બીજનો ને રાજપુરુષો પણ એમ જ ઇચ્છી રહ્યાં હતાં.

બરાબર એ જ સમયે પેલો સાધુ રાજમહેલમાં આવી ચડયો. ભગવાં વસ્ત્રો, પગમાં ચાખડી, માથે જટા ને દાઢી ! એ જ કદાવર કાયા ને મસ્ત મુખમુદ્રા ! હાથમાં પેલી રત્નજડિત સુવર્ણછડી ! રાજા સાધુને ઓળખી ગયો. પોતાની એક વારની વિચિત્ર ધૂનનું સ્મરણ થઇ આવ્યું. એ ધૂન સંતોષાયાનો પ્રબળ આનંદ તેણે અત્યારે પણ ફરીથી અનુભવ્યો. એ આનંદનો આવેગ તેના શરીરમાં સ્ફૂર્તિની લહર લઇ આવ્યો. એના જોરે રાજાને આનંદવિનોદ કરતો કરી દીધો :

"પધારો પાગલરાજ. પધારો ! ઘણાં વર્ષે ફરી આપનાં દર્શન થયાં. ખૂબ આનંદ આવ્યો."

"કેમ છો, મહારાજ ! પધારો, આપની તબિયત કેમ છે ?" રાજાના પલંગ પર જ બેસી જઇને, સુવર્ણછડી પર હાથ ટેકવી, સાધુએ ખબર અંતર પૂછયા.

"તબિયતનું હવે પૂછવાપણું નથી રહ્યું, મહારાજ ! પરલોકમાં જવાનું છે હવે તો." રાજાના જવાબમાં સાલસપણું ઊપસી આવ્યું. પ્રકૃતિથી જ વાંકોચૂંકો ચાલતો સર્પ પણ દરમાં

પ્રવેશતાં સીધો દોર થઈ જાય છે. તો પછી મૃત્યુદ્વારે આવી ઊભેલા મનુષ્યનું શું પૂછવું ?

" કેમ, મહારાજ ? આપને અહીં શું દુઃખ છે ? પરલોકમાં શા માટે જવું ?" સાધુનો અભિનય કુતૂહલના મોટા પ્રદર્શન સમો બની ગયો.

રાજાને રમૂજ પડી. તેને થયું, આ સાધુ હજી એવો ને એવો પાગલ જ રહ્યો. સાધુને જાણે સમજ આપતો હોય તેમ રાજા બોલ્યો :

" એમાં આપણું થોડું ચાલે ? નામ એનો નાશ છે જ. પ્રાણીમાત્રને પરલોકમાં જવાનું નિશ્ચિત જ હોય છે, મહારાજ !"

રાજાની જ્ઞાનવાણીએ સાધુને વિચાર કરતો કરી મૂકયો : અહીં તો આડું પાદડું જ પડયું છે ને શું ? એ પાંદડું ઉફાડનારું કોઇ નીકળ્યું હોત તો ? તો રાજાનું જીવન આવરણમાં અટવાઇ રહેત ખરું ?

સાધુએ ચકાસણી માંડી : "પરલોકમાં જવાનું નિશ્ચિત હોય છે એની મહારાજ, આપને અગાઉ ખબર હતી ?"

સાધુના પ્રશ્ને રાજાની રમૂજ વૃત્તિને વિશેષ ઉત્તેજી : "એટલી તો ખબર હોય જ ને ? હું કાંઈ થોડો તારી જેમ પાગલ છું ?"

"સારું, સારું, મહારાજ ! મારા જેવા પાગલથી આડુંઅવળું પૂછાઇ જાય તો માઠું ન લગાડતા." સાધુએ વિનોદનો આનંદ લૂંટયો : "હું તો એટલા માટે પૂછતો હતો કે પરલોકમાં નોકરચાકર મોકલીને આપની સગવડ બધી કરાવી લીધી છે ને ? ત્યાંથી આપ પાછા કયારે ફરશો ?"

> **લોકો નાના નાના દુઃખ એટલા માટે ભોગવી રહ્યા છે કે સમાજનો ઘણો મોટો ભાગ ધર્મહીન જીવન જીવે છે.**
>
> **—ટોલ્સટોય.**

સાધુના પ્રશ્નમાં રહેલા અજ્ઞાનની રાજાને દયા આવી, છતાં, કોણ જાણે કેમ, એ પ્રશ્ને રાજાને જરા વિચારમાં નાખી દીધો. ઉત્તર આપતી વખતે તો સ્વરમાં વિષાદ પણ તરી આવ્યો :

"ત્યાં મહારાજ, ન કોઇને મોકલી શકાય કે ન ત્યાંથી પાછા ફરી શકાય. આ કાંઇ આપણો પૃથ્વીલોક થોડો છે ?"

"ત્યારે કોઇને સાથે તો લઇ જશો ને ? રસ્તો તમારો જાણીતો છે ?"

"તમે પણ મહારાજ, કેવા પાગલ જેવા પ્રશ્નો પૂછો છો ?" રાજાના અવાજમાં હવે ચીડ પણ ભળી : "રસ્તો જાણીતો કેવો ! અને કોઇને સાથે લઈ જવાની વાત પણ કેવી ?

જેમ આવ્યા એમ જવું—એકલા ને ખાલી હાથે.”

“ભાતું પણ સાથે નહિ?” સાધુએ પ્રશ્નોમાં બરાબર પીછો પકડયો.

રાજા વળી વિચારમાં પડી ગયો. વિષાદ, ચીડ અને ચિંતન, ત્રણેના જોરે રાજાના મનમાં એકાએક ઝબકારો થયો. તેના પ્રકાશમાં એને સમજાઈ ગયું કે સાધુ તો કોઈ ગૂઢ, દ્વિઅર્થી વાણી ઉચ્ચારી રહ્યો છે. પ્રશ્નનો ઉત્તર વાળવાને બદલે રાજાએ હવે સામો પ્રશ્ન પૂછ્યો—મુગ્ધ ને કુતુહલભર્યો :

“શેનું ભાતું, મહારાજ?”

“પરલોકનું ભાતું.”

“પરલોકનું ભાતું શું?”

“આ લોકમાં આવીને મનુષ્યે કરેલું પુણ્ય એ એનું પરલોકનું ભાતું છે, મહારાજ! એ એને હેમખેમ પરલોક પહોંચવામાં ને ત્યાં સુખેથી રહેવામાં સહાય કરે છે.”

સાધુએ હવે રાજાને સમજ આપવાનું શરૂ કર્યું. તેના પર તેનો પ્રભાવ જામી ગયો.

રાજા ડાહ્યોડમરો બનીને સાંભળી રહ્યો—જેમ કોઈ મુગ્ધ શિષ્ય તેના સમર્થ ગુરુની જ્ઞાનવાણી પ્રેમ ને શ્રદ્ધાપૂર્વક સાંભળી રહે તેમ સાધુએ વાણીને વહેતી મૂકી.

“હે રાજા! જે સ્થળે જવાનું પહેલેથી જ નિશ્ચિત હોય છે, જેનો માર્ગ અજાણ્યો છે, જ્યાં કોઈને સાથે લઈ જઈ શકાતું નથી અને જ્યાંથી પાછું પણ ફરી શકાતું નથી, તે પરલોક માટેનું ભાતું, આટઆટલી સત્તા ને સંપત્તિનો સ્વામી હોવા છતાં તેં આ લોકમાં ભેળું કર્યું નહિ, ને અમૂલ્ય એવું આ માનવજીવન વેડફી નાખ્યું, તો તારા જેવો પાગલ કોણ? તું જ ખરેખરો ને મોટામાં મોટો પાગલ નથી શું? લે, આ લાકડી તારી પાછી, તને હું એ પાછી ઇનામમાં આપું છું—તને મોટામાં મોટો પાગલ માનીને.”

અને સાધુએ એ રત્નજડિત સુવર્ણછડી રાજાને દેવા માટે હાથ લંબાવ્યો. રાજા તો શૂન્યમનસ્ક ને કર્તવ્યવિમૂઢ બની ગયો. શોક ને પશ્ચાત્તાપનાં આંસુ એની આંખમાં ધસી આવ્યાં. ગદ્‌ગદ્ કંઠે ત્રૂટક અવાજે એ બોલ્યોઃ

“માફ કરો, મહારાજ! મને ખબર નહિ કે પાગલને શોધવા નીકળનારો હું પોતે જ મોટામાં મોટો પાગલ હતો. મારી-મૂર્ખની હવે મશ્કરી કરો મા. મને બળી રહેલાને વધુ બાળો મા. ઐહિક સંપત્તિને હવે હું શું કરું? માટે તો કોઈ પારલૌકિક સંપત્તિનું ઇનામ જોઈએ. આપના જેવા મહાત્મા સિવાય એ

કોણ આપી શકે? આપનું એ જ કામ છે." અને જરા રહીને—

"આ દીવાનજી સત્સંગના મહિમા વિશે કોઈ કોઈ વાર સંકેત કરતા ખરા, પણ એમ સંકેતથી પાગલ સમજે!"

"હે રાજા, આગ લાગી ત્યારે કૂવો ખોદવા બેસવું, એવું તારું થયું છે, પણ પરમાત્મા પરમ કૃપાળુ છે. સર્વસ્વ સમર્પીને શરણે આવનારનું એ કલ્યાણ જ કરે છે. ઐહિક સંપત્તિ તજે તે જ પારલૌકિક સંપત્તિ પામે." સાધુની વાણીમાં પ્રેમ અને કરુણા તરી આવ્યાં.

રાજાને જ્ઞાનની ગોળી લાગી ગઇ. પાંદડું ખસી ગયું. પડળ હટી ગયાં. દીવાન સામે નિર્મળ નજર ફેરવીને રાજાએ ફરમાવ્યું:

"દીવાનજી, મારા કુટુંબીજનો માટે જરૂર પૂરતી જ સંપત્તિ રાખીને બીજી સર્વ સંપત્તિ આ મહારાજને અર્પણ કરી દેજો. સમાજના કલ્યાણ અર્થે ધર્મકર્મમાં એ સંપત્તિ મહારાજની સૂચના અનુસાર ખર્ચજો.

"જેવી આપની આજ્ઞા મહારાજ! આપની આજ્ઞાનું અક્ષરશઃ પાલન થશે."

દીવાનના જવાબે રાજાએ પરમ સંતોષ અનુભવ્યો. સર્વની પ્રેમ અને ક્ષમાભરી વિદાય માગતો હોય તેમ તેણે પોતાનાં જ્ઞાનભર્યાં નયનો સર્વ પર ફેરવ્યાં અને એ નયનો જાણે અંતર્મુખ થતાં હોય તેમ મીંચાઇ ગયાં. એ મિંચાયેલાં નયનો કોઇ અપૂર્વ દીપ્તિ વડે ચમકી રહ્યાં.

રાજાનો આત્મહંસલો, જ્ઞાન અને શ્રદ્ધાનું નવીન બળ પાંખમાં પૂરી, દેહનું પિંજર તજી, પરલોકના પ્રવાસે ઊડી ગયો—પ્રભુનું સુધાભર્યું પરમ સાન્નિધ્ય પામવા.

★


**'બુદ્ધિપ્રભા' ને લગતો તમામ પત્ર વ્યવહાર**
**આ સરનામે કરો—**

## 'બુદ્ધિપ્રભા'

C/o શ્રી જયકુમાર શાંતિલાલ દંતારા
૧૨/૧૬, ત્રીજો ભોઇવાડો, ૧ લે માળે,
મુંબઇ ૨.

ગીત પરિચય ગુણવંત શાહ

# શરણાઇના સૂર

દસ વરસ પછી હું એ જગા જોઇને વિચારમાં પડી ગયો.

અહાહા! અહીં એક વખત સુંદર મહેલાત ઊભી હતી. એ મહેલની અટારી ગગન સાથે વાતો કરતી હતી. મહેલની ચોતરફ સુંદર ફુલવાડી હતી ને એ વાડીમાં કેં કોયલ કૂંજતી'તી તો કેં કબૂતરોનો ગેંહુકારવ ગૂંજતો હતો. મહેલના ઝરુખેથી રોજ સવારે શરણાઇના સૂર વ્હેતાં હતાં. અને રાત તો જાણે આ મહેલ પાછળ દીપમાળ પહેરીને ઘૂમતી હતી. અજબ છટા એ મહેલાતની હતી !!

અને આજે?

મહેલાત ધરાશાયી બની હતી. જે ઝરુખેથી શરણાઈના સૂર વ્હેતાં હતાં એ ઝરુખે કાગડાની એક જમાત કા કા કરતી હતી જે અટારી ગગન સાથે વાતો કરતી હતી એ અટારી આજ ધરતીના પાય ચૂમતી હતી. જેના ટોડલે ટોડલે ને પાળે પાળે દીવા ઝગમગતા હતા ત્યાં આજ ધૂળના ગોટ ઘૂમરાતા હતા. અને દેવો જે ગગનમાં મહેલાત જોવા ઊભા રહેતા હતા ત્યાં આજે ગીધ અને સમડી એક એક સામે ઘૂરકી રહ્યા હતા.

**સાચે જ પલકની ખબર કોઈને ના પડે.**

જીવલડા ઘાટ નવા શીદ ઘડે,
પલકની ખબર તને નહિ પડે.
માયાથી મસ્તાન થઇ અરે,
દુર્ગતિ રડવડે,
સદ્ગુરુનો સંગ કરે ભાઈ,
મારગ સાચો જડે.
**પલકની ખબર તને નહિ પડે.**
જેહ ઘરે ઘડીયાલ વાજે,
નોબત ગડગડ ગડે;
તેહ ઘરે જો કાગ ઊડે ભાઇ,
ગીધયૂથ આથડે.
**પલકની ખબર તને નહિ પડે.**
મોહ મદિરા પીને મર્કટ,
કૂદી છાપરે ચડે
મનડું મર્કટ વશ થાય લો,
મુક્તિપુરી જઈ અડે.
**પલકની ખબર તને નહિ પડે.**
કર પ્રીતિ પરમાતમ સાથે,
ફોગટ ક્યાં આથડે;
બુદ્ધિસાગર આતમધ્યાને,
તુજને કો નહિ નડે.
**પલકની ખબર તને નહિ પડે.**

★

તમે ઇચ્છો છો કે તમારા
વખાણ થાય ?
તમારું નામ
જાહેર ભાષણોમાં ગવાય ?
તમારું નામ
પેપરોમાં, વાર્ષિક રીપોર્ટમાં
છપાય ? તો
વાંચો

# આપણું નામ આવવું જોઇએ, હોં

હું એક મિત્રને ઘેર બેઠો હતો. ત્યાં બે કાર્યકર્તા ભાઇઓ આવ્યા. આવીને એમાંના એક કાર્યકર્તા મારા મિત્રને કહે, "અમે ગૌસેવા માટે ફંડ ઉઘરાવવા આવ્યા છીએ. આપ કંઈ ભરશો ?"

"હમણાં જ બેચાર જગ્યાએ ભર્યા છે માટે આ વખતે માફ કરો." મારા એ મિત્રે કહ્યું.

"નાનામાં નાની રકમની પણ અમે પાવતી આપીએ છીએ......" કાર્યકર્તા ભાઇએ જણાવ્યું.

"પણ મારે હમણાં પાવતીઓની જરૂર નથી, ઘણી પડી છે." મિત્રે જવાબ આપ્યો.

"અમે બીજા ફંડફાળાવાળાઓ જેવા નથી કે પૈસા ચાઉં કરી જઇએ..."

'શું કરી જઇએ ?' વચ્ચે મેં પૂછ્યું.

"ચાઉં."

"ચાઉં ?"

"હા, ચાઉં......એટલે . કે...ચાઉં કરી જઇએ. યાને ખાઈ જઇએ, ઉચાપત કરી જઇએ......"

"તેવું તમે નથી કરતા એમ ?"

"હા, અમે તો રસીદ આપીએ છીએ."

"એ ઘણું સારું કરો છો." પાછું મારા મિત્રે કહ્યું, "પણ જુઓ ભાઇ, મારે હમણાં બીજી બે ત્રણ જગ્યાએ પૈસા ભરવાના થયા છે, એટલે હમણાં આ ફંડનું રહેવા દો. તમે તો સમજો છો ને ? પરાણે કંઈ ફંડ ઉઘરાવાય ?"

"નહીં સ્તો ! પણ હું જાણું છું, તમને એમ હશે કે આ લોકોય પૈસા ખાઈ જશે. પણ અમે એવા નથી. અમે તો રસીદ વિના એક પાઈ પણ

સ્વીકારતા નથી...જુઓ...,, એમ કહી એમણે અમારી આગળ રસીદ બુકના પાનાં ફરફરાવવા માંડયાં. "એક આનાથી માંડીને એક હજાર રૂપિયા સુધી........" અને ફરી પાછી બીજી એક રસીદ બુક લઇ એનાં પાનાં એમણે ઝડપથી અમારી સામે ફેરવવા માંડયાં.

"પણ ભાઈ પ્રશ્ન રસીદનો નથી, પ્રશ્ન ફાળાનો છે." મારા મિત્રે કહ્યું.

"આપનું નામ વાર્ષિક રિપોર્ટમાં આવશે."

"એ ખરૂં પણ..."

"તો એમ કરૂં, રસીદ મૂકી જાઉં છું. ફાળો પછી નિરાંતે મોકલાવી આપજો."

"પણ ફાળા પહેલાં રસીદ..."

"અમારી રીત જ છે. પહેલાં ફાળો લેવો અને પછી ગમે ત્યારે રસીદ આપવી. અને કયારેક ન પણ આપવી એવું અમારે નથી. અમારે તો રસીદ પહેલી, હા વળી......"

એ પાંચ રૂપિયાની રસીદ મૂકીને જ ગયા !

મારા મિત્ર કહે, "જોયું ને ?"

"હા, પણ એનો શોક ન કરવો," મેં એમને સમજાવ્યું. "કારણ આ સંસારમાં રહીને જેમ જરા વ્યાધિ મૃત્યુથી છટકી શકાતું નથી; ટાઢ, તડકો, વરસાદથી છટકી શકાતું નથી; નેતાઓનાં ભાષણો સાંભળવામાંથી છટકી શકાતું નથી; તેમ ફાળાઓથી બચી શકવાની વાત પણ અશકય છે. ફાળાઓ ઊભા થયા જ કરવાના, અને તમારે એમાં થોડું કે વત્તુ ભરવું જ રહ્યું. એનો શોક નહીં. ઘણીવાર સફળતાઓ એ ઉઘરાવનાર કાર્યકર્તાઓની રાહત માટે જ મોટે ભાગે વપરાઇ જતા હોય છે, અને સ્મારક ફાળાઓ ઉઘરાવાઈ ગયા પછી એ શેના સ્મારક માટે ઉઘરાવાયા તેનીજ કાર્યકર્તાઓને વિસ્મૃતિ થઈ જાય છે એ ખરૂં, પણ એ તો ચાલે, ફાળો ઉઘરાવનારા આપણને પકડવા પ્રયત્ન કરવાના, એ એમનો ધર્મ છે! આપણે છટકવા પ્રયત્ન કરવાના, એ આપણી પ્રકૃતિ છે! કયારેક એમનો વિજય થવાનો, કયારેક આપણો. એનો શોક ના કરવો."

"પણ હું એનો શોક કયાં કરૂં છું કે તું મને અર્જુન ગણી કૃષ્ણનો પાઠ ભજવવા મંડી પડે છે! મને તો ઊલટી મઝા આવી." મારા મિત્રે કહ્યું.

"શેની ? પાંચ રૂપિયા આપવાની ?"

"ના, એ તો કયાં આપ્યા છે ? રસીદ સાચવી રાખીશ. એ પાંચ રૂપિયા લેવા આવશે ત્યારે સંભાળીને પાછી આપી દઈશ !"

"અરરર !" મેં કહ્યું.

"હવે પાછો તું દયાનો સાગર ના બની જા !" એમણે કહ્યું, "હું તને વાત કરતો હતો તે તો બીજી જ. તેં જોયું ? એ ભાઇને રસીદ આપવાનો

ઉત્સાહ ફાળો ઉઘરાવવાના ઉત્સાહ કરતાંય વધારે હતો! જાણે એમને રસીદ આપવામાં જ રસ હોય અને ફાળો તો ઠીક, આવ્યા છીએ તો ઉઘરાવવા જઇએ એવી વૃત્તિ હોય એમ લાગતું હતું. એ તેં જોયું?" મારા મિત્રે પૂછ્યું.

"હા રતો! પણ નવાઈ લાગવા જેવું એમાં કશું જ નથી." મેં કહ્યું. "એ કાર્યકર્તાનો રસીદોત્સાહ સ્વાભાવિક હતો. સંસારમાં રસીદ જ મુખ્ય છે. ફાળો એ તો ગૌણ ચીજ જ છે!"

આપણી આસપાસની ફાળા-પ્રવૃત્તિ જોઈશું તો આ વાતનું સત્ય તરત સમજાશે. જો રસીદ ન મળવાની હોય, જો ગણતરીમાં ન લેવાવાનું હોય, જો જાહેર ખબર ન થવાની હોય, જો પ્રસિદ્ધિ ન મળવાની હોય, તો આપણા ફાળાઓમાં ભરાતી રકમનું પ્રમાણ દસમા ભાગનું થઈ જાય એ ચોક્કસ! એટલે તો હું કહું છું કે મહત્ત્વ ફાળાનું નથી, ફાળામાં ભર્યાની જાહેરાતનું છે. સારા કામ માટે ફાળો આપ્યાથી જ આપણને જે સંતોષ થાય છે. એનાથી તો વધારે ફાળો આપનાર તરીકે આપણું નામ છાપામાં કે રિપોર્ટમાં આવે છે ત્યારે થાય છે! આ વાત જેટલી આપણે જાણીએ છીએ એટલી જ ફાળાવાળાઓ જા છે, અને એટલે જ ફાળાનો આગ્રહ કરવામાં એ લોકો જે ઉદ્દેશ માટે ફાળો ઉઘરાવવાનો હોય તે વિશે જેમ કે જળસંકટ કે અન્નસંકટ કે એવા કોઇ ઉદ્દેશની વાત પર ભાર મૂકવાને બદલે ઘણીવાર "તમારા જેવાઓ તો......" "તમારી કક્ષાના માણસે તો......" "આપ સમા સજ્જને તો..." "આપ જેવા જને તો..." આટલું ભરવું જ જોઇએ એ વાત પર જ ભાર મૂકે છે.

કોઇ રસીદ આપે છે, કોઇ છાપામાં દાતાનું નામ આપે છે. કોઇ દાતાના નામની આરસની તકતી મુકાવે છે, કોઇ સંસ્થાના નામ જોડે તમારું નામ જોડે છે. રામલીલામાં આરતી ઉઘરાવતી વખતે તમે ફાળો આપો છો ત્યારે તમારી જય બોલાવવામાં આવે છે. સત્યનારાયણની કથામાં બધા પૈસો નાંખતા હોય ત્યારે તમે થાળીમાં મોટો અવાજ થાય એમ આનો નાખો છો, એની કદર આસપાસનાઓની આંખમાં દેખાય છે. નાતમાં ફાળો આપ્યો હોય ત્યારે મેળાવડામાં તમારું નામ છાપે છે. આ બધી જ વસ્તુઓ રસીદ, છાપામાં છપાતું નામ, તકતી, જય બોલાય તે, આસપાસનો અહોભાવ– એ બધું જ ખરું અગત્યનું છે. એજ ખરી મેળવવા જેવી વસ્તુ છે. ફાળામાં ભરાતી રકમ તો એ બધું મેળવવા માટેની નાચીજ રકમ છે એમ ઘણીવાર આપણી આસપાસ ચાલતી દાનની, ફાળાની પ્રવૃત્તિઓ જોઇને લાગે છે!

અને એ વાજબી પણ છે! ફાળાની બાબતમાં જ શું કામ? આ રસીદોત્સાહ જીવનના એક એક ક્ષેત્રમાં જોવા મળે છે. બધાં જ સત્કાર્યોમાં—ખરાં કે કહેવાતાં પણ બધાંજ સત્કાર્યોમાં—એ કાર્ય કરતાં એની કદર આપણે મન હંમેશા વધુ મહત્ત્વની લાગતી આવી છે. મારા બીજા એક મિત્ર મને હમણાં કહે, "પેલો રસિક..."

"કોણ? આપણા રસિકભાઇ?" મેં કહ્યું.

"આપણા શેના? તારા હશે, મારા તો નથી!"

"તે શું થયું એમનું!"

"એને મેં છત્રી વાપરવા આપી."

"તે પાછી ના આવી એમને? છત્રીનું તો થાય છે જ એવું" મેં કહ્યું, "એક વાર મેંય એક ઓળખીતાને મારી છત્રી વાપરવા આપેલી. પછી બન્યું એવું કે..."

"અરે છત્રી પાછી તો આવી..."

"પણ તૂટેલી આવી હશે..."

"ના રે ના, હતી તો બરાબર."

"તો નસીબદાર. બાકી વાપરવા આપેલી વસ્તુઓ સલામત ભાગ્યે જ પાછી આવે છે. મેં એકવાર મારા એક સંબંધીને છત્રી વાપરવા આપેલી..."

"તે હશે પણ મારી વાત તો સાંભળ. છત્રી એણે લીધી, પાછી આપી, સાજીસમી આપી......"

તો પછી?"

"પણ જોવાનું એ છે કે એણે મને 'થેંક્યું' સુદ્ધાં ન કહ્યું!"

"એમ કે?"

"હા, જાણે એના પિતાનો માલ હોય એમ છત્રી વાપરી અને ઉપયોગ થઇ ગયા પછી પાછી મોકલી આપી નોકર જોડે. નહીં થેંક્સ, નહીં આભારનો એક શબ્દ......માણસોય કેવા કેવા હોય છે દુનિયામાં!"

"ખરી વાત છે" મેં કહ્યું.

"હવે એમને કશીય વસ્તુ આપે એ બીજા, હું નહીં." એમણે જાહેર કર્યું "જે માણસને થેંક્યુના બે શબ્દો કહેવાનું સૂઝતું નથી એની સાથે વળી સંબંધ કેવો?"

મિત્રની વાત તદ્દન વાજબી છે. 'થેંક્યુ' નું મહત્ત્વ ઘણું છે, છત્રી આપીએ ને સામું થેંક્યુ ન મળે તો છત્રી આપવાનો અર્થ શો? ફાળો ભરીએ અને રિપોર્ટમાં કે છાપાંમાં નામ ન આવે તો ફાળો ભરવાનો અર્થ શો? સત્કાર્ય માત્ર એનાથી મળતી પ્રતિષ્ઠા માટે છે, એનાથી મળતા થેંક્યુ માટે છે. એવી જાહેર કદર ન થવાની હોય તો સારું કામ કર્યાનો અર્થ શો?

અમે વચ્ચે એક મંડળ કાઢેલું. વાર્ષિકોત્સવ કરેલો. વાર્ષિકોત્સવ પૂરો થવા પછી મને બુદ્ધિ સૂઝી તે મેં અમારા કાર્યક્રમમાં ખૂબ મદદ કરનાર એક ભાઈનો જાહેર આભાર માન્યો.

થઈ રહ્યું. એક બે, ત્રણ, ચાર, બીજા દસ ભાઈઓની ફરિયાદ આવી. "માઇક પરથી એમનો આભાર મનાયો તે શું અમે વધારાના છીએ કે અમારું નામ પણ ન બોલાયું?" "ના ના, અમે તે કંઈ ભાજીમૂળાં છીએ કે અમારી કોઈને કદરેય નહીં" "એમાં અમને કંઈ ખોટું નથી લાગ્યું, પણ એટલું તો ખરું કે આપણને કોઈ કામ પૂરું થઈ ગયા પછી સંભારવાય નવરું ન હોય તો આપણે ફરીથી કામ ન કરવું! બસ, આ મારો નિશ્ચય છે. હવે પાણી મૂકયું, આ મંડળમાં કામ કરવા બાબતમાં." આવી આવી તો અનેક ફરિયાદો આવી.

મનેય મારો ગુનો સમજાયો. આપણા જોષીઓય આ વાત સમજે છે! બધાયને કહે છે, "બહેન, તમારા હાથમાં જશરેખા નથી." અને બહેન ખુશ! મહારાજને પાશેર અનાજ મળ્યું જ સમજો! જગત માત્રમાં સૌની આ તીવ્ર ઇચ્છા છે—અમારી કદર કરો, અમારા સત્કાર્યને ગણતરીમાં લો, અમારા સારા કામની જાહેરાત કરો. સૌ કોઈની આ ફરિયાદ છે કે અમારી કોઈને કદર જ નથી, અને સૌ કોઈ વારંવાર નિશ્ચય કરે છે, "કોઈ થેંકયુય ન કહેવાનું હોય તો આપણે કામ કરી મરવાની જરૂર શી છે? આજથી પાણી મૂકયું."

મને બીજી એક સભા યાદ આવે છે. એમાં સભા પૂરી થવા આવી એટલે પ્રમુખસાહેબે "મને પ્રમુખ બનાવ્યો" એ માટે વ્યવસ્થાપકોનો આભાર માન્યો પછી "અત્રે આવીને બે શબ્દો કહેવા બદલ" વ્યવસ્થાપકોએ વક્તાનો આભાર માન્યો. વક્તાએ "મને શાંતિથી સાંભળ્યો" એ માટે શ્રોતાઓનો આભાર માન્યો. બીજા કોકે ઊભા થઈ "પ્રમુખસ્થાન શોભાવવા બદલ પ્રમુખશ્રીનો આભાર માન્યો અને "જેમની જહેમત અને ખંતથી આ સમારંભ શકય બન્યો." એ વ્યવસ્થાપકોનો પણ આભાર માન્યો. તરત વ્યવસ્થાપકોમાંના એક ભાઈએ મંચ પર આવી, "અત્રે હાજર રહી સમારંભ સફળ બનાવવા બદલ" શ્રોતાગણ પ્રત્યે કૃતજ્ઞતાભરી લાગણી પ્રગટ કરી, પછી તો સંદેશાઓ મોકલનારા, શુભેચ્છાઓ પાઠવનારા પ્રમુખશ્રીને તેડવા જવા માટે અમને મોટર આપનાર, હોલ ભાડે આપનાર, શેતરંજીઓ પૂરી પાડનાર, સૌનો વારાફરતી આભાર મનાયો. જેમણે શેતરંજીઓ પૂરી પાડી એ ભાઈને પણ ઊભા થઈને બોલવું હતું, પણ મુખ્ય કાર્યક્રમ

પછી પૂરા પોણા કલાક સુધી આ બધી આભારવિધિ ચાલી હોવાથી એમને બોલવા દેવામાં ન આવ્યા.

મને તે વખતે આ બધું બહુ વિચિત્ર લાગેલું પણ હવે મને મારી ભૂલ સમજાઇ ગઇ છે. આભારદર્શનનો વિધિ એજ સભાના કાર્યક્રમનો સૌથી મહત્ત્વનો ભાગ છે! એ કરવાનું જો ન રાખો તો સભા ભર્યાનો અર્થ શો? ઇશ્વરનો પણ આ દુનિયા ચલાવવા બદલ રોજ સવાર-સાંજ આપણે આભાર માનીએ છીએ. એટલે જ પ્રલયકાળ આવવાનો રોકાઈ રહ્યો છે!

એટલે જગતમાં સારા કામ માટે ફાળો આપવા કરતાંય એ ફાળો આપનાર તરીકેની પ્રસિદ્ધિમાં આપણને સૌને વધુ રસ પડે છે એ તદ્દન સ્વાભાવિક છે. એક સંતે કહ્યું છે કે દાન એવી રીતે આપો કે તમારા જમણા હાથે દાન આપ્યું હોય તો તમારા ડાબા હાથને પણ ખબર ન પડે. એમની વાત ખરી છે. આપણા જમણા હાથે દાન આપ્યું હોય તો ડાબા હાથને એની ખબર પાડવાની જરાય જરૂર નથી. પણ આપણા સિવાય બીજા બધાના જમણા અને ડાબા બન્ને કાનને તો ખબર પડવી જ જોઈએ. એની ક્યાં એ સંતપુરુષે ના પાડી છે?


## ગ્રાહકોને નમ્ર વિનંતી

'બુદ્ધિપ્રભા' દર માસની દસમી તારીખે પ્રગટ થાય છે. આપને તા. ૨૦ સુધી અંક ન મળે તે પછી જ, આપનો ગ્રાહક નંબર લખીને કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

બુદ્ધિપ્રભા
C/o શ્રી જે. એસ. દંતારા
૧૨/૧૬, ત્રીજો ભોઈવાડો, ૧ લે માળે,
મુંબઇ ૨.

શ્રી ગોપાળદાસ પટેલ

# ૬૭ દિશાની પૂજા

એક વખત બુદ્ધ ભગવાન મગધની રાજધાની રાજગૃહના વેણુવનમા રહેતા હતા. તે વખતે સિગાલ નામનો એક કુલીન તરુણ શહેરમાંથી રોજ સવારે બહાર આવી, સ્નાન કરી, પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર, ઉપર અને નીચે એમ છ દિશાઓને નમસ્કાર કરતો હતો.

બુદ્ધ એક વખત ભિક્ષા માટે નગરમાં જતા હતા, તેવામાં પેલા યુવકને નમસ્કાર કરતો જોઇને બોલ્યા: 'હે ગૃહપતિપુત્ર, તેં આ શું માંડયું છે?'

સિગાલ બોલ્યો: 'હે ભગવંત! મારા પિતાએ મરતી વખતે છયે દિશાઓની પૂજા કરતા રહેવાનું મને કહ્યું હોવાથી, હું દિશાઓને નમસ્કાર કરું છું.'

બુદ્ધે કહ્યું: 'પરંતુ તારો આ નમસ્કારવિધિ આર્યોની પદ્ધતિ પ્રમાણે નથી.'

સિગાલે કહ્યું: તો, હે ભગવંત! આપ મને આર્યોની પદ્ધતિ પ્રમાણે દિશાઓનો નમસ્કાર કરવાનું શીખવો.'

બુદ્ધ બોલ્યા: 'હે ગૃહપતિપુત્ર, માબાપ એ પૂર્વદિશા છે. તેમની પૂજાનાં આ પાંચ અંગો છે: ૧. તેમનું કામ કરવું, ૨. તેમનું પોષણ કરવું, ૩. કુળમાં ચાલી આવેલાં સત્કાર્યો ચાલુ રાખવાં, ૪. તેમના સંપત્તિના વારસ બનવું ૫. તેઓ મરણ પામે ત્યારે તેમને નામે દાન કરવું.

'માબાપોને જો આ પાંચ અંગ વડે પૂજવામાં આવે તો તેઓ તે બાળકને ૧. પાપ કરતાં વારે છે, ૨. તેને સુમાર્ગે ચઢાવે છે, ૩. તેને કળાકૌશલ્ય શીખવે છે. ૪. યોગ્ય સ્ત્રી સાથે તેનું લગ્ન કરી આપે છે, અને ૫. યોગ્ય વેળાએ પોતાની મિલકત તેને સ્વાધીન કરે છે.

હે ગૃહપતિપુત્ર, ગુરુ એ દક્ષિણ દિશા છે. તેની પૂજાના આ પાંચ વિધિ છે. ૧. તે આવે ત્યારે ઊઠીને ઊભા થવું, ૨. તે માંદા થાય ત્યારે તેમની સેવાચાકરી કરવી, ૩. તે જે શિખામણ આપે તે શ્રદ્ધાપૂર્વક સમજી લેવી, ૪. તેમનું જે કાંઇ કામ હોય

તે કરવું, અને ૫. તે જે વિદ્યા આપે તે ઉત્તમ રીતે ગ્રહણ કરવી.

ગુરુને જો આ પાંચ પ્રકારે પૂજવામાં આવે, તો તે ૧. શિષ્યને સદાચાર શીખવે છે, ૨. ઉત્તમ રીતે વિદ્યા શીખવે છે, ૩. પોતાને આવડતી સર્વ વિદ્યા શિષ્યને આપી દે છે, ૪. પોતાનાં સગાંસંબંધીમાં તેની પ્રશંસા કરે છે, અને ૫. કોઇ સ્થળે જતાં તેને ખાધાપીધાની અડચણ ન પડે તેવી વ્યવસ્થા કરે છે.'

હે ગૃહપતિપુત્ર, પત્ની એ પશ્ચિમ દિશા છે. તેની પૂજાનાં આ પાંચ અંગો છે: ૧, તેને માન આપવું, ૨. તેનું અપમાન ન થવા દેવું, ૩. એક પત્ની વ્રત આચરવું, ૪. ઘરનો કારભાર તેને સોંપવો, ૫. અને વસ્ત્રાલંકારની તેને ખોટ ન પડવા દેવી,

'આ પાંચ અંગોથી તેને પ્રસન્ન રાખવામાં આવે, તો તે ૧. ઘરમાં સારી વ્યવસ્થા રાખે છે, ૨. નોકર-ચાકરને પ્રેમથી સંભાળે છે, ૩. પતિવ્રતા થાય છે, ૪. પતિએ મેળવેલી સંપત્તિનું રક્ષણ કરે છે, અને ૫. સર્વ ગૃહકૃત્યોમાં તત્પર રહે છે.'

હે ગૃહપતિપુત્ર, મિત્રમંડળ એ ઉત્તર દિશા છે. તેની પૂજાનાં આ પાંચ અંગ છે: ૧. આપવા યોગ્ય વસ્તુ હોય તે તેમને આપવી, ૨. તેમની સાથે પ્રેમથી બોલવું, ૩. તેમને ઉપયોગી થવું, ૪. તેમની સાથે સમાનભાવથી વર્તવું, અને ૫. તેમની સાથે નિષ્કપટ વર્તન રાખવું.

'આ પાંચ પ્રકારે મિત્રમંડળની પૂજા કરવામાં આવે, તો તેઓ ૧. એકાએક સંકટ આવી પડે ત્યારે એનું રક્ષણ કરે છે, ૩, સંકટમાં ગભરાઇ જાય ત્યારે ધીરજ આપે છે, ૪. વિપત્તિના સમયે તેનો એકલો છોડતા નથી, અને ૫. તેની પાછળ તેની સંતતિ ઉપર પણ ઉપકાર કરે છે.

ગૃહપતિપુત્ર, નોકરચાકર એ નીચલી દિશા .છે. તેમની પૂજાનાં આ પાંચ અંગો છે: ૧. તેમની શક્તિ પ્રમાણે તેમને કામ કહેવું, ૨. તેમને યોગ્ય મહેનતાણું આપવું, ૩. તે માંદા પડે ત્યારે તેમની સારવાર કરવી, ૪. પ્રસંગ હોય ત્યારે તેમને ઉત્તમ ભોજન આપવું, ૫. અને વખતોવખત ઉત્તમ કામ બદલ તેમને બક્ષિસ આપવી.

'આ પાંચ પ્રકારે તેમની પૂજા કરવામાં આવે તો તેઓ પણ ૧. પોતાના માલિક ઊઠે ત્યાર પહેલાં ઊઠે છે, ૨. માલિક સૂએ ત્યાર પછી સૂએ, ૩. માલિકના માલની ચોરી કરતા નથી, ૪. ઉત્તમ રીતે કામ કરે છે, અને ૫. માલિકનો યશ ફેલાવે છે.

'હે ગૃહપતિપુત્ર, સાધુસંત એ ઉપલી દિશા છે. તેમની પૂજાનાં આ પાંચ અંગ છેઃ ૧. કાયાથી તેમનો આદર કરવો, ૨. વાચાથી તેમનો આદર કરવો, ૩. મનથી તેમનો આદર કરવો, ૪. તે ભિક્ષાએ આવે ત્યારે તેમને તકલીફ પડવા દેવી નહિ, અને ૫. તેમને ઉપયોગી વસ્તુઓ આપવી.

'આ પાંચ પ્રકારે તેમની પૂજા કરવામાં આવે, તો તેઓ ૧. પાપમાંથી તેનું નિવારણ કરે છે, ૨. તેને કલ્યાણકારક માર્ગે લગાડે છે, ૩. પ્રેમપૂર્વક તેના ઉપર કૃપા કરે છે, ૪. તેને ઉત્તમ ધર્મ શીખવે છે, તેની શંકાઓનું સમાધાન કરે છે, અને ૫. તેને સ્વર્ગનો માર્ગ દેખાડે છે.'

આ ઉપદેશ સાંભળી સિગાલ બોલ્યોઃ 'ભગવન્! આ આપનો ઉપદેશ કેટલો બધો સુંદર છે! કોઇ માણસ ઢાંકેલી વસ્તુ ઉઘાડી કરીને બતાવે, અથવા અંધારમાં જોવા માટે દીવો ધરે, કે માર્ગમાં ભૂલાં પડેલાને માર્ગ બતાવે, તેમ ભગવાને મારે માટે ધર્મનું ઉત્તમ રહસ્ય ખુલ્લું કર્યું છે.'

★

આકર્ષક અને લોકપ્રિય..............

ક્રાઉન બ્રાન્ડ

PURE ALUMINIUM ✦ THE CROWN ✦

એલ્યુમિનિયમનાં વાસણો તથા એનોડાઇઝડ એલ્યુમિનિયમની વસ્તુઓ

સૌ કોઇનો અભિપ્રાય છે કે 'ક્રાઉન' બ્રાન્ડની વસ્તુઓ દેખાવે સુંદર, આધુનિક ઘાટવાળી, ટકાઉ અને ખર્ચેલા નાંણાનું વળતર આપી રહે તેવી હોય છે

ઘર, હોટલ, હોસ્પીટલ તથા કોઇપણ ઉદ્યોગની એલ્યુમિનિયમની જરૂરિયાતો અમે પૂરી પાડીએ છીએ.

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

'ક્રાઉન એલ્યુમિનિયમ હાઉસ' : ૨૩, બ્રેબોન રોડ : કલકત્તા-૧

મુંબઈ ★ મદ્રાસ ★ દિલ્હી ★ રાજમહેન્દ્રી ★ એડન

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

⊙

## થાકું ફેણ આયા
## માકું નહિ આયા

વાણિયા ધારના ખીલા છે. એવી કહેવત નીચે મુજબ સાંભળી છે.

મારવાડમાં સાદડી ગામમાં એક ભોજક સાધુનો વેષ ધારણ કરીને ગયો. ગામની બહાર તે બકધ્યાન તથા કપટ ક્રિયા કરીને ઉત્તમ ચારિત્રનો ડોળ દેખાડવા લાગ્યો. વાણિયાઓ તેને ગામમાં લઈ ગયા.

પ્રતિક્રમણ વખતે વાણિયાઓ આવ્યા. ત્યારે તેણે પ્રતિક્રમણમાં કાઉસગ્ગ વખતે બે હાથ ઉંચા કર્યાં. વાણિયાઓએ પૂછયું:

'બાપજી ! બે હાથ ઉંચા કેમ કર્યાં ?' પેલા કપટી સાધુએ કહ્યું:–**"મુક્તિમાં જાણો હોવે બે હાથ ઉંચા કરણા ઔર નરકમેં જાણો હોવે તો બે હાથ નીચા કરણા."**

વાણિયાઓએ વિચાર્યું, અહો ! આ મુનિ તો ઉત્તમ ક્રિયા કરનારા છે. ખરી ક્રિયા તો તેમણે જ બતાવી.

એક દિવસ એક શ્રાવકે મહારાજને કહ્યું:–'નવકારવાળી ગણવાનો નિયમ આપો.'

મુનિએ કહ્યું:–**"નવકારવાળી કહે તો સ્ત્રી હો જાવે. નોકારવાળો કહેણો ચાહિયે. સાધુ સ્ત્રીકો પાસ ન રાખે. નોકારવાળી તો સ્ત્રી હો ગઈ નોકારવાળીકું સ્ત્રી કહે કર પાસ રખે તો દોષ લગ જાવે."**

પેલા વાણિયાએ કહ્યું, આ મુનિ ખરી ક્રિયા દેખાડનાર આવ્યા

છે. એક દિવસે ગામના વાણિયાઓએ મુનિજીને કહ્યું કે આજ પ્રતિક્રમણ કરાવો. ત્યારે મુનિજીએ કહ્યું હું કરું તેમ કર્યા કરો. અને વાણિયાઓ પેલા કપટી મુનિની જેમ પ્રતિક્રમણ કરવા લાગ્યા.

છઠ્ઠા આવશ્યકતાના અંતે પેલા કપટી મુનિને વઈ આવી તેથી આળોટવા લાગ્યો. તેના મુખે તેથી ફીણ આવ્યું.

વાણિયાઓએ પણ આળોટવા માંડયું. અને ઘણી મહેનત કરી છતાં ફીણ ન આવ્યું. અંતે ક્રિયા પૂરી થયા બાદ મુનિજીને કહેવા લાગ્યાં કેઃ–"આપજી ! થારો પડિક્કમણ બહોત અચ્છો હુવો. થાકું ફેણ આયા, મ્હાકું નહિ આયા."

એક કાર્તિક પુનમે ગામની બહાર મુનિજીએ છાણ મથન ક્રિયા કરાવી. છાણના ઢગલામાં લાકડું ઊભું કરીને બંને તરફના લોકો પાસે ખેંચાવ્યું. તે ઘડીમાં આમ જાય અને ઘડીમાં તેમ જાય.

આથી વાણિયા બહુ ખૂશ થયા અને કહેવા લાગ્યા કે આ સાધુ સાચા છે અને કર્મ ટાળવાની અમને ખરી ક્રિયા બતાવી છે.

છેવટે પેલા કપટી સાધુએ કહ્યુંઃ—

'વાણિયાઓ ! તમે ધારના ખીલા જેવા છો. જેથી આમ તેમ ભમાવ્યાથી ભમી જાવ છો. મેં તમને ખોટું ભરમાવ્યું છે. અને છેવટે જણાવું છું કે તમે બકની પેઠે કપટી ક્રિયાના આડંબરે છો. કપટીઓ તમારા જેવા બાલજીવોને ભમાવે છે તેથી એક ગુરુ પર તમારી શ્રદ્ધા રહેતી નથી. તમારી આગળ કપટી કલાવંત ઘટાટોપ કરીને ફાવી જાય છે અને તમારી એક ગુરુ પર શ્રદ્ધા પાકી ન રહેવાથી તમે ધારના ખીલા જેવા બની જાવ છો. અને તમે કદી કોઈના થયા નથી અને તમારા ઉપર ગુરુને વિશ્વાસ રહેતો નથી. અંતે યાદ રાખજો કે—

**તમારી શ્રદ્ધા વિના તમારું કલ્યાણ થતું નથી.**

★

આપણે વ્યાખ્યાન સાંભળીએ છીએ
પણ વૈરાગ્ય નથી આવતો,
તપસ્યા કરીએ છીએ
પણ, આત્મા નિર્મળ નથી થતો,
શાંતિસ્નાત્ર ભણાવીએ છીએ
પણ મનની શાંતિ થતી નથી
કારણ ?
આપણે સૌ છીએ

# પોચા પટેલ

પોચા પટેલ માંદા પડયા. વૈદરાજે આવી નાડી તપાસી. પછી દવા આપતાં કહ્યું : પટેલ ! મરચું ન ખાશો, આમલી ન ખાશો, વાલ ન ખાશો અને ફરસાણ પણ ખાશો નહિ.'

'કયાંસુધી આ બધું નહિ ખાવાનું ?' પટેલે પૂછ્યું.

'દવા ચાલે ત્યાંસુધી વૈદે કહ્યું'.

એ દહાડા સુધી તો પોચા પટેલે પરેજી પાળી, પણ પછી એમનાથી રહેવાયું નહિ પટલાણીને કહ્યું: 'ઢોકળાં બનાવો. મોઢું બગડી ગયું છે.'

'ઢોકળાં તે ખવાય ? દવા ચાલે છે ને ?' પટલાણી બોલ્યાં.

'થોડાં ખવાય. કશો વાંધો નહિ. તું તારે હું કહું તેમ કર.'

ઢોકળાં થયાં ને પટેલે ભાવથી ખાધાં.

વળી પાછી વાલની ઇચ્છા થઇ.

'તમે જરા જરા કરીને બધું ખાવા માંડયું. વૈદરાજે તો ના પાડી છે.' ઢોકળાં પછી વાલની વાત સાંભળી પટલાણી બોલ્યાં.

'વૈદ તો કહે, તું તારે હું કહું તેમ કરને !'

પટલાણી પટેલની આડાઇ જાણતાં હતાં. એ લીધેલી હઠ મૂકે નહિ તેવા હતા. એટલે એમણે વાલ બનાવ્યા.

પટેલે આંખો મીંચીને વાલ ખાધા ને તબિયત સુધરવાને બદલે વધારે બગડી. વૈદરાજ આવ્યા.

'અરે વૈદરાજ ! તમે દવા કેવી આપી ? કશો ફાયદો તો થયો નહિ.' પોચા પટેલે ફરિયાદ કરી.

વૈદરાજે પૂછ્યું : 'પટેલ ! તમે ફરસાણ ખાધું હતું કે ?'

'હા, થોડું ખાધું હતું.'

'અને વાલ ?'

'વાલ પણ થોડા ખાધા હતા માત્ર બે દાણા.'

'ઠીક, આમલી ?'

'વૈદરાજ ! મોળી મોળી દાળ શી રીતે ભાવે ? એટલે દાળમાં જરા આમલી નખાવું છું.'

'તો મરચું પણ ખાતાજ હશો.'

'મરચું પણ જરા જરા લઉં છું.'

વૈદરાજ દૃઢતાથી બોલ્યા: 'પટેલ ! તમે પરેજી તો બિલકુલ પાળી નથી, ને દવાનો દોષ કાઢો છો એ કેવી વાત ! તમારે સારા થવું હોય તો શ્રદ્ધા રાખીને દવા ખાઓ અને દવાની સાથે સાથે હું કહું તે પ્રમાણે પરેજી પાળો. એમ નહિ કરો તો તમારી તબિયત કદી સુધરશે નહિ.'

માણસ ભગવાનનું નામ લે છે, ભગવાનનું સ્મરણ કરે છે, પણ સાથે સાથે ભૂંડાં આચરણ પણ કરતો રહે છે. એ પવિત્રતા પાળતો નથી, જૂઠને છોડતો નથી, ઇર્ષા–અભિમાન વધારતો જાય છે, પરનિંદા કર્યા સિવાય એ રહી શકતો નથી. ને પછી ફરિયાદ કરે છે કે, ભગવાનને ભજીએ છીએ છતાં સુખ તો મળતું નથી. ઉપાધિઓ તો વધતી જાય છે. કંઈ ચમત્કાર તો જણાતો નથી.

પણ જેમ પરેજી પાળ્યા સિવાય દવાની અસર થતી નથી તેમ નિયમનું પાલન કર્યા સિવાય ભજનની અસર જણાતી નથી.

ભગવાનનું ભજન કરનારે જૂઠ–પ્રપંચ છોડવાં જોઇએ અને પવિત્રતા પાળવી જોઇએ. ★

**JAYANT**

A leading name in Packaging

One of the largest Manufacturers of Double wall heavy Duty Corrugated Shipping Containers for Export, Corrugated Paper Rolls, Boards and Other Packaging Reguisites

Contact

**JAYANT PAPER BOX FACTORY**

30, Western India House,

Sir p. M. Road, Fort, **BOMBAY - 1.** (B. R.)

—: Phones :—

| 253145 : 252478 | 55237 – 8 | 571196 |
|---|---|---|
| Office | Kurla Factory. | Andhen Factory. |

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ એ અખિલ જૈન શ્વેતાંબર સમાજની એક માતબર સંસ્થા છે.

જૈન સમાજના વિકાસની એ આશા છે. જૈન ધર્મના પ્રચાર અને પ્રગતિની એ એક દીવાદાંડી છે.

ત્રેંસઠ વરસના એના જીવન દરમિયાન તેણે ઘણા ક્ષેત્રે કામ કર્યું છે. તેના સુવર્ણ મહોત્સવ પ્રસંગે શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળે '**શ્રી સંઘ પ્રગતિ-મહામંત્ર**' ની બીજી આવૃત્તિ પ્રગટ કરી હતી.

આજે જ્યારે કૉન્ફરન્સે હિરક મહોત્સવ ઉજવવાનું નક્કી કર્યું છે તે પ્રસંગે આ ગ્રંથ સમાજ તેમજ આ સંસ્થાને પ્રેરણા રૂપ બની રહે તે હેતુથી આ ગ્રંથનો સંક્ષેપ હવે પછીના પાનાઓ પર પ્રગટ કર્યો છે.

પ્રગતિના કાયદાઓ જેમ પ્રત્યેક દેશમાં દેશકાલાનુસાર ફેરફારને પામે છે, જુના કાયદાઓને બદલીને તેને ઠેકાણે નવા કાયદાઓ રચવા પડે છે, તે પ્રમાણે જૈન કોમની ઉન્નતિના પૂર્વે જે જે કાયદાઓ રચવામાં આવ્યા હોય તે ઠેકાણે વર્તમાન કાળને અનુસરી જૈન કોમની ઉન્નતિના ઉપાયો રૂપ કાયદાઓને જૈનાચાર્યો રચી શકે છે તેને શ્રી વીરપ્રભુની આજ્ઞા જ માની વર્તમાનકાલીન જૈનાચાર્યોના પ્રગતિના ઉપાયોને આચારમાં મૂકવા જૈન કોમે કટીબદ્ધ થવું જોઇએ.

શ્રી વીર પ્રભુ હવે તેમના શાસનની પ્રગતિ માટે સિદ્ધ-સ્થાનમાંથી પાછા આવવાના નથી. તેમની આજ્ઞાઓને અમલમાં મૂકનાર અને જૈનોની પ્રગતિ કરનાર વર્તમાનકાલીન જૈનાચાર્યો છે.

વર્તમાન જૈનાચાર્યો સંબંધી એટલો વિચાર કરવો જોઇએ કે તેઓ વર્તમાનકાળને અનુસરી જૈન કોમની વાસ્તવિક પ્રગતિ થાય એવા કાયદાઓ ઉપાયો ફરમાવવા જોઇએ જૈનકોમને પછાત પાડે એવા કાયદાઓ ન હોવા જોઇએ.

# ખંડન નહિ
# મંડન
# કરો

ભિન્ન ભિન્ન ગચ્છના આચાર્યોએ તેમના સાધુઓએ તથા શ્રાવકોએ સામાન્ય વિચારાચાર મતભેદે એક બીજાનું ખંડન થાય એવી શૈલીએ વર્તમાનમાં ઉપદેશ પ્રવૃત્તિથી નિવૃત્ત થઇને પરસ્પર ગચ્છના આચાર્યોએ પરસ્પર મળતી બાબતોનું સંમેલન કરી પ્રતિપાદન તથા સુધારક શૈલીએ ઉપદેશ દેવો અને સંકુચિત વર્તુલના સ્થાને પોતાની આંખ આગળ જૈન ધર્મનું અનંત વર્તુળ ધરી સામાન્ય મતભેદોને પોતાના ઉદરમાં સાપેક્ષ દૃષ્ટિએ સમાવી દઇને જૈન ધર્મનું વ્યાવહારિક દૃષ્ટિએ મહાવર્તુલ થતું જાય અને તેનું યથાર્થ સ્વરૂપ ભક્તોનાં સમજવામાં આવે એવી રીતે ઉપદેશ દેવામાં પ્રવૃત્ત થવું જોઇએ.

સ્યાદ્વાદ શૈલીનું અનંત વર્તુળ પોતાના હૃદયચક્ષુ આગળ ખડું કરીને દેશકાલાનુસાર પરસ્પર ભિન્ન ભિન્ન ગચ્છીય આચાર્યોમાં સંપ રહે એવા બંધારણો યોજીને શ્રી મહાવીરપ્રભુનાં સમયમાં જે ઉપદેશક શૈલી પ્રવર્તતી હતી તેનું અનુકરણ કરવું જોઇએ.

અવિરતી છતાં સમ્યગ્દૃષ્ટિયોને વ્યવહાર નયે ઉત્પન્ન કરવા અને તેઓને જૈન વ્યવહાર સંઘમાં સ્થાન આપવાનાં બંધારણો યોજવાની તથા દેશ વિરતિઓના વ્યવહાર સંઘ બંધારણોમાં સુધારો વધારો કરવાની પ્રવૃત્તિ કયે કયે અંશે દેશકાલાનુસાર ઉપયોગી છે અને તેમાં નવું ચૈતન્ય કેવી રીતે ઉમેરાય તેનો અનુભવ દૃષ્ટિએ અભ્યાસ કરીને ચાતુર્વર્ણિક જૈન કોમની સંખ્યામાં પ્રતિદિન વધારો થાય એવા આચારો અને વિચારોને યોજનાપૂર્વક ફેલાવવાની આવશ્યકતાને જૈનાચાર્યોએ મંત્રના જાપની પેઠે અનુસરવી જોઇએ.

જૈનાચાર્યોએ શ્રાવક અને શ્રાવિકા એ દ્વિવિધ સંઘમાં વિદ્વાન, પ્રતિષ્ઠાવંત, શ્રદ્ધાળુ, સર્વ ગૃહસ્થો કે જેનો જૈનો પર પ્રભાવ પડે તેમને અને ધનવંત, ગંભીર, દક્ષ, ઉપયોગી, સમયજ્ઞ આદિ ગુણવંતોને અગ્રગણ્ય નીમી, તેઓની ફરજોનું ભાન કરાવી નિયમિત કાર્યકરણ યોજનાઓ પૂર્વક તેઓને યથાયોગ્ય કાર્યો સોંપવા જોઇએ અને તેઓને ઉત્સાહ ધન્યવાદ આદિથી તેઓના કાર્યોમાં ઉત્સાહિત કરીને જૈન ધર્મ અને જૈન કોમની સેવા કરનાર સેવકો બનાવવાની દેશકાલાનુસાર જે પ્રવૃત્તિ જણાતી હોય તેમાં યથાયોગ્ય સ્વાધિકાર પ્રમાણે બનતું કરવું જોઇએ અને તેની સિદ્ધિમાં ચતુર્વિધ સંઘે આચાર્યોને શ્રદ્ધા બહુમાનપૂર્વક સહાય કરવી જોઇએ......

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

## આપણે

## આવા

## શા
## મા
## ટે

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી
(૦)

હિંદુસ્તાનમાં ખ્રીસ્તીઓના પંથની સંખ્યા લગભગ અઠ્ઠાવીસ લાખની થઈ અને જૈનોની સંખ્યા ઘટીને તેર લાખની રહી. આ ઉપરથી જૈનોએ વિચારવું જોઇએ કે ખ્રીસ્તી ધર્મના ગુરુઓ ધર્મ પ્રવર્તાવવાની જે જે વ્યવસ્થાપૂર્વક યોજનાઓ ઘડીને તે સદા ચાલુ રહે એવાં જીવનસૂત્રો પ્રગટાવી અમલમાં મૂકી પ્રવર્તે છે—

તે પ્રમાણે જૈન કોમમાં ચતુર્વિધ સંઘ હોવા છતાં, આચાર્યો હોવા છતાં ધર્મ પ્રવર્તકપણાની અને ધર્મ સંરક્ષકપણાની તેવી જૈન શાસ્ત્રોને આધારે દેશકાલાનુસારે યોજનાઓ નથી ઘડાતી તેનું કારણ—

પ્રમાદ, કુસુંપ, સંકુચિત દૃષ્ટિ અને ધર્માભિમાનપણાની લાગણીનો અભાવ ઇત્યાદિ કારણો છે.

મુસલમાન કોમમાં એક પંથના ઉપરી આગાખાને પોતાની મહત્તાની સાથે પોતાના વર્ગની મહત્તા વધારવામાં કેટલી બધી પ્રગતિ કરી છે તેની તપાસ કરો.

આપણી જૈન કોમમાં આચાર્યો, ઉપાધ્યાયો, પ્રવર્તકો, સાધુઓ,

સાધ્વીઓ અને શ્રાવકો છે છતાં તેઓ મુખ્ય સૂરિઓની સાથે પરસ્પર ધાર્મિક વ્યવસ્થાઓની યોજનાઓથી એક બીજાની સાથે સાંકળના અંકોડાની પેઠે બંધાઇને વ્યવસ્થાપૂર્વક કાર્ય કરતાં નથી તેથી પ્રગતિને બદલે અધોગતિ થઈ છે.

હજી પણ આંખ ઉઘાડીને પરસ્પર એકબીજાની સાથે યોજનાઓથી, કાયદાઓથી બંધાઇ-મળીને કાર્ય નહિ કરે તો ભવિષ્યમાં ભયંકર ખરાબ પરિણામ આવશે અને તેનું પાપ ખરેખર વર્તમાન-વિદ્યમાન સંઘના શિરે લાગશે.

એક એકડાની સાથે બીજો એકડો મળે તો અગિયાર થાય, તાત્પર્યાર્થ એ છે કે બે એકડા સંપીને ભેગા થાય તો તેનું અગીયાર ઘણું બળ પ્રવર્તે છે. તેમ—

જૈનાચાર્યો ઉદાર વિચારાચારથી પરસ્પર મળે અને સંઘનાં પરસ્પર કાર્યો કરવાની યોજનાઓ ઘડે અને તે યોજનાઓ સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓના બહુમતે પસાર થાય અને તે ધાર્મિક પ્રગતિની યોજનાઓના-કાયદાઓને—

પ્રભુની આજ્ઞાની પેઠે માન આપી આચાર્યો આદિ સ્વાધિકાર પ્રમાણે વર્તે તો—

જૈનોની પ્રગતિ થાય.........

શ્રીમદ્
બુદ્ધિસાગરસૂરિજી

# મા પ્રમાદ કરે

આચાર્યોએ, સાધુઓએ અને સાધ્વીઓએ ગચ્છ—સંઘાડાના શ્રાવકો અને શ્રાવિકાઓમાં થએલા કલેશ—કુસુંપને વારવા જોઇએ. અને—

તેઓમાં સંપ કરાવવો જોઇએ.

આચાર્યો અને સાધુઓ જો ગૃહસ્થ જૈનોમાં પડેલા વિક્ષેપને ન વારે અને—

છતી શક્તિએ બેદરકાર રહે તો—

અંતે ગૃહસ્થ-જૈનોની પડતીની સાથે સ્વકીય અંગની પડતી થાય એમાં કોઇ જાતનો સંશય નથી.

સાધુઓ અને આચાર્યોએ
પરસ્પર સંપીને ગમે તે પ્રકારની
યુક્તિઓ વડે
ગૃહસ્થ જૈન સંઘમાં પડેલા વિક્ષેપને
દૂર કરવા પ્રયત્ન કરવો જોઇએ.

ગૃહસ્થ જૈન સંઘની ઉન્નતિની સાથે જૈન ધર્મની ઉન્નતિનો ખાસ સંબંધ છે એવું જાણીને જૈન સંઘનો સંપ કરાવવા કોઈ જાતની છતી શક્તિ વાપરવા પ્રમાદ કરવો નહિ........

★

# ત્યાં સુધી

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

સાધુઓ અને સાધ્વીઓના ઉત્સર્ગ અને અપવાદથી આચાર અને વિચારોના બંધારણ આગમો અને પૂર્વાચાર્યોના ગ્રંથોમાંથી મળી આવે છે.

દેશકાલાનુસાર શ્રી આનંદવિમલસૂરિનાં સમયમાં, શ્રી વિજયસેનસૂરિના સમયમાં અને શ્રી સત્યવિજયજી પંન્યાસના સમયમાં સાધુઓ અને સાધ્વીઓના આચારો સંબંધી બોલરૂપ કેટલાક નિયમો ઘડાયા છે. શ્રાવકો અને શ્રાવિકાઓના ધર્મ વર્તનનાં બંધારણો આગમો અને ગ્રંથોમાંથી મળી આવે છે.

ચતુર્વિધ સંઘના બંધારણના કાયદાઓ કયા કયા છે તેની ફરીયાદો વારંવાર થયા કરે છે, આગમો અને પૂર્વાચાર્યોના ગ્રંથોમાંથી જે જે ચતુર્વિધ સંઘની વ્યવસ્થાના બંધારણો મળી આવે તે એકઠાં કરવાની જરૂર છે.

વર્તમાન કાળમાં વિદ્યમાન ગીતાર્થ સાધુઓ-સાધ્વીઓ અને આચાર્યોએ એકઠા મળીને ભૂતકાળમાંથી મળી આવેલાં ચતુર્વિધ સંઘના બંધારણો સબંધી ઉહાપોહ કરીને તેમાં સુધારો વધારો કરવો અને ઉત્તમ અગ્રગણ્ય માન્ય શ્રાવકો અને શ્રાવિકાઓની સંમતિપૂર્વક બહાર પાડવાં.

જ્યારે ચતુર્વિધ સંઘના બંધારણમાં કાયદાઓને જૈન કોમ સમજતી થશે અને તેના પ્રત્યેક કાયદા સંબંધી ન્યાયપૂર્વક દેશકાલાનુસાર ઘણી ચર્ચાઓ ચાલશે ત્યારે જૈન કોમમાં જાગૃતિ આવશે અને—

પશ્ચાત્ ગચ્છ, સંઘ અને ચતુર્વિધ સંઘની બેઠકો ભરવામાં આવશે—

પશ્ચાત્ આચાર્યોના અધ્યક્ષપણા નીચે તે કાયદાઓને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવાનુસારે ઉત્સર્ગ અને અપવાદ માર્ગે અમલમાં મૂકવામાં આવશે ત્યારે—

જૈન ધર્મ રૂપ રાજ્યના દરેક અંગની અને ઉપાંગની સુવ્યવસ્થાપૂર્વક પ્રગતિ થશે.

આચાર્યોનું ઉત્તમાંગ પૂર્ણ, તાજું અને સુવ્યવસ્થિત થયા વિનાં અને—
આચાર્યની આજ્ઞા પ્રમાણે જૈનોની ધર્મ પ્રવૃત્તિ થયા વિના તથા—
જૈનાચાર્યોમાં પરસ્પર અમુક બંધારણોએ સુલેહ સંપ થયા વિના—
જૈન સંઘનું બંધારણ સુવ્યવસ્થિત થવાનું નથી......

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

# ભૂલ્યા ત્યાંથી ફરી ગણો

પૂર્વે જૈનોના ચાલીશ કરોડની આશરે સંખ્યા હતી, હાલ તે સંખ્યા આશરે તેર લાખની છે. તેનું કારણ એ છે કે જૈન ધર્મના ઉપદેશક મુનિઓની ઘણી ખોટ છે તેમજ જૈન ધર્મનો ઉપદેશ દેવાની પ્રવૃત્તિમાં શિથિલતા આવી તે છે.

જૈનાચાર્યો, સાધુઓ અને શ્રાવકોએ સામાન્ય મતભેદે સ્વકીય વીર્યનો ઉપયોગ પરસ્પરના મતનું ખંડન મંડન કરવામાં કર્યો તેથી જૈનધર્મનો ઉપદેશ દેવાની અનંત વર્તુળની શૈલીએ પોતાનું સ્વરૂપ બદલીને સંકુચિત સ્વરૂપ ધારણ કર્યું. એટલાથી નહિ અટકતાં અન્ય દર્શની ધર્મવાદીઓએ જૈનો પર આક્રમણ કર્યું તેથી વર્ષે વર્ષે જૈનોની ઉપદેશ શૈલીની વ્યવસ્થા અને જૈન સંઘ બંધારણની યોજનાઓનાં કાયદાઓમાં શૈથિલ્ય આવ્યું એમ અનેક અનુમાનથી સિદ્ધ થાય છે......

ભિન્ન ભિન્ન લઘુ વર્તુળમાં બહેંચાઇ ગયેલાં આચાર્યો, સાધુઓ અને સાધ્વીઓ પોતપોતાની માન્યતાવાળા ગામો અને શહેરનાં જૈનોને અન્ય માન્યતાવાળા સાધુઓ અને સાધ્વીઓ ના ભરમાવે તે માટે પ્રાયઃ પોતાના ક્ષેત્રોને સાચવવા કેટલાક સાધુઓનો વિહાર સંકુચિત પ્રદેશમાં થાય છે.

જે શહેરોમાં જેટલા પ્રમાણમાં ધર્મનાં ઉપદેશ દેનારા સાધુઓ જોઇએ તેનાં કરતાં માન્યતાના રક્ષણાર્થે તે શહેરોમાં ઘણા આચાર્યો અને ઉપદેશક સાધુઓ રહે છે અને તેથી પરિણામ એ આવે છે કે અન્ય ક્ષેત્રોમાં રહેલાં જૈનોને અન્ય ધર્મીઓનો પરિચય થતાં તેમાં દોરવાઈ જાય છે......

એક તરફ વિચારીએ તો જૈનોની સંખ્યાના પ્રમાણમાં મરણ વગેરેથી ઘટાડો થાય છે અને કેટલાક અન્ય ધર્મ પાળવા લાગ્યા છે.

કેટલાક ગામના જૈનોને તો બે બે કે ત્રણ ત્રણ વર્ષે પણ સાધુનો ઉપદેશ સાંભળવાનો યોગ મળતો નથી, આથી ભવિષ્યમાં શું પરિણામ આવશે તે જગજાહેર છે.

અતએવ જૈનોએ ભૂલ્યાં ત્યાંથી ફરી ગણવાના ન્યાયને ધારણ કરી ભિન્ન ભિન્ન ગચ્છોના આચાર્યો ઉપાધ્યાયો અને સાધુઓનું સંમેલન કરી પરસ્પરમાં અમુક શરતે સુલેહના કોલકરારો કરાવી આચાર્યોના તાબામાં સાધુઓ અને સાધ્વીઓ રહે એવી વ્યવસ્થા કરી ગામોગામ, શહેરો શહેર અને દેશોદેશમાં જૈન સાધુઓ વ્યવસ્થાપૂર્વક સંસ્થાપિત યોજનાઓને અમલમાં મૂકી વર્તે એવો પ્રયત્ન કરવો જોઈએ...

✱


## બોડેલી તીર્થ

બોડેલી આસપાસ પરમાર ક્ષત્રિય ભાઈ-બહેનો બાવન (૫૨) ગામમાં આશરે ૧૦૦૦૦ (દસ હજાર માણસો જૈનધર્મ (અહિંસા ધર્મ) પાલતા થયા છે તેમને જૈન ધર્મનું શિક્ષણ સુસંસ્કાર આચાર વિચાર વગેરેમાં સ્થિર કરવા પંદર ગામોમાં પાઠશાળા ચાલે છે બીજી ૨૦, પાઠશાળાની જરૂર છે. બોડેલીમાં આશ્રમ ચાલે છે જેમાં વિદ્યાર્થીઓને ખાવા, પીવા, તથા ભણવાની સગવડતા અપાય છે.

આજુબાજુના પાંચ ગામોમાં **ઉપાશ્રય તથા દેરાસરજી થયા છે** (બીજા ત્રણ ગામોમાં થાય છે તથા દેવદર્શન પૂજાસ્નાત્ર ભાવના વગેરે ભક્તિ થાય છે. આ સુસંસ્કાર આપતું ક્ષેત્ર જોવા તથા **બોડેલી પંચ તીર્થના દર્શન** કરવા જરૂર પધારો.

આ ધર્મ પ્રચાર અને ધર્મ પ્રભાવનાના કાર્યને આપના તન. મન, ધન સમર્પણ કરો અને એ ન બને તો છેવટે અમુક રકમ અવશ્ય મોકલી આપો.

લી. પરમાર ક્ષત્રીય **જૈન** ધર્મ પ્રચારક સભા

૪૫૭, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ—૪

| | |
|---|---|
| મદદ મોકલવાનું ઠેકાણું:<br>**શેઠ વાડીલાલ રાઘવજી**<br>૬૧ તાંબાકાંટા, મુંબઈ—૩ | **જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ**<br>**ઈશ્વરલાલ કસ્તુરચંદ સાળવી**<br>**ચીમનલાલ મગનલાલ વાસણવાળા** |

**ધર્મશાળા, ભોજનશાળા, આયંબીલ શાળાની સગવડતા છે.**

# જમાનો ઓળખો

શ્રીમદ્
બુદ્ધિસાગરસૂરિજી

જૈન સાધુઓ અને સાધ્વીઓને ભણવા-ભણાવવા માટે સાધુ પાઠશાળા અને સાધ્વી પાઠશાળાની સ્થાપના માટે જૈન સાધુઓએ, જૈનાચાર્યોએ અને અગ્રગણ્ય ધનવંત સાક્ષર, ગૃહસ્થોએ લક્ષ્ય દેવું જોઇએ.

અને તે પાઠશાળામાં એવી વ્યવસ્થા રાખવી કે સર્વ ગચ્છના સાધુઓ નિયમિત કાયદા પ્રમાણે ભણી શકે. તેમજ કોઇ ગચ્છના સાધુને કોઇ ગચ્છના સાધુ ભરમાવે નહિ તેમ જ ગચ્છના ખંડન મંડનની ઉદીરણા ન જાગે એવો બંદોબસ્ત થવો જોઇએ. ભણનાર સાધુઓને દરેક જાતની સગવડ કરી આપવી જોઇએ.

સાધ્વી પાઠશાળામાં પણ તેવી વ્યવસ્થા થવી જોઇએ. ભવિષ્યમાં સાધુઓ અને સાધ્વીઓની જ્ઞાનાદિક ગુણો વડે ઉન્નતિ થાય એવું શિક્ષણ આપવું જોઇએ.

સાધુઓ અને સાધ્વીઓને જમાનાને અનુસરીને ઉપદેશ દેવાનું શિક્ષણ આપવું જોઇએ અને જૂની પદ્ધતિનાં શિક્ષણને સંસ્કાર આપીને સારું રૂપ આપવું જોઇએ.

સાધુ ગુરુકુળ અને સાધ્વી ગુરુકુળની સ્થાપનાથી નવા સાધુ થનાર ઉમેદવારો અને સાધ્વી થવાની ઇચ્છાવાળી શ્રાવિકાઓને બંને પ્રકારનાં ગુરુકુળની સાથે અલગ વ્યવસ્થા કરીને તેઓને ભણાવવાની સગવડ કરી આપવી જોઇએ. અને તેઓનામાં સદ્વર્તનની શુદ્ધતા અને ઉચ્ચતા પ્રગટી નીકળે એવા ઉપાયો લેવા જોઇએ.

આચાર્યોએ, ઉપાધ્યાયોએ અને સાધુઓએ સર્વ ગચ્છોના મહાસાધુ ગુરુકૂળ અને મહા સાધ્વી ગુરુકૂળની યોજના તરફ લક્ષ્ય દેવું જોઇએ.

એક એક આચાર્ય વા ગીતાર્થ સાધુ કે જેને સર્વ સૂરિયો, ઉપાધ્યાયો અને સાધુઓ મળી ગુરુકૂળમાં અમુક વર્ષ પર્યંત રહેવા ઠરાવે તેણે ત્યાં રહેવું જોઇએ અને ફેર બદલીમાં

અન્યની નિમણુંક થતાં અન્ય ધર્મ કાર્યમાં પ્રવૃત્ત થવું જોઇએ.

સાધ્વી ગુરુકૂળમાં પ્રવર્તિની સાધ્વીઓએ વારાફરતી રહીને પોતાના અધિકાર પ્રમાણે સોંપેલું કાર્ય કરવું જોઇએ.

સાધુઓ પરસ્પર પ્રેમ સંપ કરીને જૈન શાસનની ઉન્નતિ માટે ગમે તેવા પરસ્પર કટુ સંબંધો ભૂલી જઈને એક થઈ આચાર્યોની આગેવાની નીચે વ્યવસ્થાબંધ ગોઠવાઈ જો આ પ્રમાણે પ્રવર્તશે તો જૈન શાસનનો ઉદય કરી શકશે. પણ જો આ સોનેરી તક ગુમાવાય તો તેનું ખરાબ પરિણામ આવે એમાં કાંઈ શંકા નથી !!........


# અહિંસા જીવનનો પરમ ધર્મ છે.



દસાવાડા-ચારૂપ અને મેત્રાણા તીર્થ વચ્ચે આવેલું છે. પૂ૦ મહારાજશ્રીના સદુપદેશથી **જીવદયા મંડળી** સ્થાપવામાં આવી છે તે મંડળીના કાર્યવાહકો આજુ બાજુના ગામોમાંથી જીવોને છોડાવી અહીં લાવે છે. **પાંજરાપોળ** માટે જગ્યા મળી છે પણ મકાન ખર્ચ માટે તેમજ જીવ છોડાવવામાં ખર્ચ પણ ઠીક-ઠીક થાય છે તો જીવદયાપ્રેમી ગૃહસ્થોને વિનંતિ કરવામાં આવે છે, કે યથાશક્તિ રકમ મોકલી જીવદયાના પુણ્ય કાર્યમાં સહકાર આપશો.

**આપની એક એક પાઈનો સદુપયોગ થશે.**

મદદ મોકલવાનું ઠેકાણું :—

**શ્રી જોરાભાઇ કરણસિંહ દેસાઇ**  **શ્રી જીવદયા મંડળી દશાવાડા,**
મંત્રી,  વાયા પાટણ જિ. મહેસાણા (ઉ. ગુ.)

લી. સેવકો,

**શાહ બાબુલાલ મોહનલાલ કલાણાવાળા  શાહ સુખીચંદ અમીચંદ**
**શાહ નેમચંદ જેચંદભાઇ પાટણ  વાટાડોદ**
**શાહ ભગવાનજી સેમજી દશાવાડા (સરપંચ) શેઠ કિશનચંદ ભોજરાજ**
ટરસ્ટીઓ, **દશાવાડા**

# ઉન્નતિ ક્યારે?

પરસ્પર કુસંપથી બંધાયેલું સૈન્ય જેમ નાશ પામે છે તેમ ચતુર્વિધ સંઘ પણ કુસુંપથી અવનતિ પામે છે.

સંપ, ભ્રાતૃભાવ અને **જૈન** સંઘોન્નતિના કાર્યો કરવામાં સાંપ્રત જૈન કોમમાં જે જે અંશે કુસુંપ, કલેશ, પરસ્પર મતભેદ તકરારો વગેરે ઉત્પન્ન થાય છે તે તે અંશે **જૈન** કોમ પછાત રહે છે અને પચીશ પચાસ વર્ષમાં ધારેલી ઉન્નતિના બદલે જૈન કોમ પચાસ વર્ષ પાછળ રહે છે. દરેક જૈને આ હૃદયમાં ખાસ વિચારીને અવનતિ કરનાર કુસુંપ વગેરેનો નાશ કરવા માટે જેટલો બને તેટલો આત્મભોગ આપવો જોઈએ.

દરેક જૈનના મનમાં જૈન કોમની એકતા કરવા અને જૈન સંઘ અને **જૈનધર્મ** માટે આત્મભોગ આપીને કંઇપણ કરી બતાવવાની ઇચ્છા થશે ત્યારે જૈન કોમમાં વાસ્તવિક પ્રગતિની ચળવળ ઉદ્ભવશે એમ ખાત્રીથી માનવું.

હું જૈન કોમનો એક ભાગ છું. મારી શક્તિ પ્રમાણે જૈન કોમ અને જૈનધર્મ માટે મારા શીર્ષ ઉપર પ્રાપ્ત થએલી ફરજો બજાવવી જોઇએ તે જ મારો કર્મયોગ છે એમ જ્યારે દરેક જૈનના મનમાં વિચાર આવશે ત્યારે ચતુર્વિધ સંઘના પ્રત્યેક અંગની પુષ્ટિ વૃદ્ધિ થશે..........

**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી**

# સમાજની સેવા માટે ભૂલી જાવ
# માન અને અપમાન

શ્રીમદ્

બુદ્ધિસાગરસૂરિજી

મને માન મળશે એવી બુદ્ધિ રાખ્યા વિના અનેક વ્યકિતઓ તરફથી થનાર અપમાનને જે સહન કરે છે તે જૈન ધર્મની ઉન્નતિ માટે આત્મભોગ અર્પવા સમર્થ થાય છે.

આ વિશ્વમાં કોઈ એવો મનુષ્ય નહિ હોય કે જેના માટે લોકોના બે મત ન હોય, કોઈ કંઈ કહેશે તો બીજો કંઈ કહેશે. જૈન કોમની સેવા, દેશની સેવા, સમાજની સેવા આદિ અનેક પ્રશસ્ય સેવા કરનારાઓને દુનિયા તરફથી ઘણું અપમાન સહન કરવું પડે છે.

શ્રી મહાવીર પ્રભુને કેટલા ઉપસર્ગ સહન કરવા પડયા છે? છદ્મસ્થાવસ્થામાં વજ્રભૂમિમાં અનાર્યોએ તેમનું અનેક પ્રકારના ખરાબ શબ્દોથી અપમાન કર્યું હતું. ઈશુ ક્રાઇસ્ટ, મહમદ પેગંબર, ગૌત્તમ બુદ્ધ, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વગેરેને પણ અપમાન સહન કરવાં પડયાં હતાં.

સ્વ વ્યકિત રૂપ વ્યષ્ટિની ઉન્નતિ કરવા માટે મત સહિષ્ણુતા, માન અને અપમાનને સહવાની શકિતને સામાન્યતઃ અનેક પ્રકારનું સહન કરવાની શકિતને જે આચારમાં મૂકીને ખીલવે છે, તે જૈન મહાસંઘ, દેશ, સમાજ અને જન સમાજ રૂપ સમષ્ટિની પ્રશસ્ય વાસ્તવિક પ્રગતિમાં આત્મભોગ સમર્પવા શકિતમાન થાય છે.

★

# સેવાની ત્રિવેણી

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

માન અને અપમાન વૃત્તિપૂર્વક મહાસંઘાદિની સેવામાં પ્રવૃત્ત થવું એ અધમ સેવા છે,

જૈન મહાસંઘ વગેરેની સેવામાં માન, અપમાન અને યશઃ કીર્તિ આદિની પ્રાપ્તિ માટે યા બીજા કોઈ સ્વાર્થને લઈ પ્રવૃત્તિ કરવામાં આવે એ મધ્યમ સેવા છે.

અને માન તથા અપમાનની લાગણી વિના તેમજ કોઈ પણ પ્રકારની કામના વિના નિષ્કામભાવે સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ એ ચતુર્વિધ મહાસંઘની સેવા એ ફકત પોતાની ફરજ છે એમ માનીને જે સેવા કરવામાં આવે છે તેને ઉત્તમોત્તમ સેવા જાણવી.

હું ફકત મારી શકિત અને સ્વાધિકાર પ્રમાણે સ્વ સેવારૂપ સ્વ ફરજને અદા કરું છું અને તે કર્યા વિના મારો છુટકો નથી એમ જાણીને જે મનુષ્ય જૈન મહાસંઘ જૈન ધર્મ પ્રચાર પ્રગતિની પ્રવૃત્તિમાં ઉધુકત થાય છે, તે સંવર અને નિર્જરા તત્ત્વો વડે આત્મોન્નતિ પૂર્વક મહા સંઘોન્નતિ કરી શકે છે.

અપમાન સહન કરવાની આત્મશકિત પ્રકટયા વિના જૈન કોમની સેવા, જૈન ધર્મની સેવા વગેરે અનેક પ્રકારની આવશ્યક પ્રશસ્ય સેવામાં એક ડગલું માત્ર પણ આગળ વધી શકાવાનું નથી..........

★

# સમયને ઓળખો

## શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

⊙

જ્યાંસુધી મનુષ્ય સમયજ્ઞ નથી થયો ત્યાં સુધી તે ગમે તેવો દક્ષ હોય તો પણ કોઈપણ જાતની ધાર્મિક કે વ્યાવહારિક સમાજ સેવાનું કાર્ય કરી શકતો નથી.

સમયજ્ઞ મનુષ્ય દરેક વખતે અમુક પ્રતિકૂળ કે અનુકૂળ સંયોગોમાં કેવી રીતે વર્તવું કે બોલવું તે યથાર્થપણે જાણી શકે છે. અને તેથી તે જૈન કોમ–જૈનધર્મની સેવામાં સમયજ્ઞ થઇને યથાતથ્ય પ્રવૃત્તિ કરી શકે છે.

જે મનુષ્ય સમય સુચકતા વાપરીને દેશ–સમાજ અને ધર્મની સેવા કરે છે તે ઘણાં વિઘ્નોમાંથી નિર્વિઘ્ને પસાર થાય છે.

સમયજ્ઞ મનુષ્ય, અમુક મનુષ્યની સાથે અમુક પ્રમાણે વર્તીને જૈન સંઘની સેવામાં ભાગ લઈ શકે છે તેથી તે આત્મોન્નતિની સાથે મહા સંઘરૂપ સમષ્ટિની પ્રગતિ-પુષ્ટિ–તુષ્ટિ–વૃદ્ધિ અને રક્ષા કરી શકે છે........

★

# સરવાળે

# કરોડો રૂપિયાનો ખર્ચો

પ્રતિવર્ષે જૈન કોમમાં દેવભકિત નિમિત્તે ખર્ચાતા, સિદ્ધાચલાદિ તીર્થોના સંઘ કાઢવા નિમિત્તે ખર્ચાતા, ગુરુભકિત નિમિત્તે ખર્ચાતા, કેળવણી નિમિત્તે ખર્ચાતા, ઉજમણા અને વરઘોડા નિમિત્તે ખર્ચાતા, સાધારણ દ્રવ્ય નિમિત્તે ખર્ચાતા, પુસ્તકો લખાવવામાં તથા છપાવવા નિમિત્ત ખર્ચાતા, જીવદયા–પાંજરાપોળ–લગ્ન–નાત નવકારશી અને અન્યવરા નિમિત્તે ખર્ચાતા રૂપિયાનો સરવાળો કરવામાં આવે તો કરોડો રૂપિયાનો ખર્ચ લગભગ ગણી શકાય.

જૈન મહાસંઘનું બંધારણ થાય અને પ્રતિવર્ષ ખર્ચાતા કરોડો રૂપિયાની સર્વ ખાતાની એક બીજાની સાથે સંયોજના કરીને વ્યવસ્થા કરવામાં આવે અને જે ખાતાને હાલ પોષવાની ખાસ આવશ્યકતા હોય તેનું વ્યવસ્થા પૂર્વક પોષણ કરવામાં આવે તો જૈન કોમના કરોડો રૂપિયાનો વિશેષ પ્રમાણમાં શુભોપયોગ કરી શકાય અને તેનું ફળ પણ જૈન કોમની અને જૈન ધર્મની ઉન્નતિ માટે સારું આવી શકે.

જૈન કોમે ઉપર્યુકત ખાતાઓની વ્યવસ્થા અને તેની યોજનાઓમાં જમાનાને અનુસરીને સુધારો વધારો કરી આગળ વધવું જોઇએ...............

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

# ભૂલી જાવ

એક સાધુ એક યોજના ઊભી કરે અને બીજો તેનું ખંડન કરે તો—

જૈનોના મોટા ભાગને પોતાના સદ્વિચારોનો લાભ મળી શકે નહિ.

ભિન્ન ભિન્ન ગચ્છના આચાર્યોએ પરસ્પર મળીને જૈન શાસનની ઉન્નતિ કરવા તત્પર થવું જોઇએ.

માત્ર એક જૈન શાસનની ઉન્નતિ માટે વેર–ઝેર અને સામાન્ય મતભેદના વિરોધોને ભૂલી જવા જોઇએ......

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

✶

# પ્રગતિની પગથાર

## સાધુઓ માટે

૧. પરસ્પર ગચ્છ સંઘાડાના સાધુઓની અને સાધ્વીઓની મહાસભા ભેગી થાય અને પરસ્પર સંપ પ્રેમ રહે એવા કોલકરારો પરસ્પરમાં કરવા અને સુલેહ સંપના કોલ કરારનો ભંગ ન થાય એવા ઉપાય લેવા.

૨. સાધુ ગુરુકૂળો અને સાધ્વી ગુરુકૂળોની સ્થાપના કરી તેને સુવ્યવસ્થા કરવામાં આવે. સ્વાન્ય દર્શન શાસ્ત્રોનો તેમાં સારી રીતે અભ્યાસ કરવામાં આવે. અમુક વર્ષ પર્યંત શાસ્ત્રાભ્યાસ કર્યા પછી વિહાર અને શિષ્ય–શિષ્યા કરવાની રજા આપવામાં આવે.

૩. દીક્ષાના ઉમેદવાર ગૃહસ્થોને અને ગૃહસ્થિનીઓને પરીક્ષા પૂર્વક દીક્ષા આપવામાં આવે. સાધુઓનું એક મોટું ગુરુકૂળ સ્થાપવામાં આવે અને તેમાં ઉમેદવાર વર્ગની જુદી રીતે અધ્યયનાદિની વ્યવસ્થા કરવામાં આવે, પરસ્પર ઐક્ય રહે અને મૂળ

ઉદ્દેશોની સુવ્યવસ્થા–સંરક્ષા થાય એવા મધ્યસ્થ વૃદ્ધ સાક્ષર સાધુને ત્યાં રાખવામાં આવે અને જે જે ગચ્છના સાધુઓને દીક્ષાના ઉમેદવારોને મોકલ્યા હોય, તેઓને યોજેલી વ્યવસ્થા પ્રમાણે ભણાવે અને તે પ્રમાણે સાધ્વી ગુરુકૂળોમાં પણ વ્યવસ્થા કરવામાં આવે.

૪. જૈનાગમથી અવિરુદ્ધ એવા શ્રી મહાવીર પ્રભુના ઉચ્ચ સદાચારોનાં ઉપદેશ વચનોને વિશ્વમાં સર્વત્ર પ્રસરાવવા પ્રયત્ન કરવો.

જેમ જેમ સંકુચિત વિચાર દૃષ્ટિ અને રૂઢ સંકુચિત આચાર પ્રવૃત્તિઓમાં શનૈઃ શનૈઃ વિશાળતાને ધારણ કરી સર્વત્ર ધર્મની સ્પર્ધામાં સર્વત્ર ધર્મની વ્યાપકતા થાય એવી સાધ્ય બિન્દુ દૃષ્ટિએ પ્રયત્ન કરવો કે જેથી સાધ્ય બિંદુ પ્રતિ ગમન કરી શકાય અને ભવિષ્યમાં ભિન્ન ભિન્ન ગચ્છના લઘુ વર્તુળો પરસ્પરની ભિન્નતાનો ત્યાગ કરીને મહાવર્તુળ રૂપે બને અથવા મહાવર્તુળથી અભિન્ન એવાં અંગો તરીકે ચિરંજીવી થઈ શકે.



# પ્રગતિની
# પ
# ગ
# થા ૨—શ્રાવકો માટે

૧. શ્રાવકોએ અને શ્રાવિકાઓએ સ્વધર્મીઓની સંખ્યા વધે એવા ઉપાયોને આચાર્યાદિની અનુજ્ઞાપૂર્વક ગ્રહણ કરવા અને ગુરુકુળો વગેરેની સ્થાપના કરીને જૈન બાળકોને ધર્મ સંસ્કારપૂર્વક ઉત્તમોત્તમ કેળવણી આપવા પ્રયત્ન કરવો.

૨. શ્રાવકોએ અને શ્રાવિકાઓએ સાંસારિક કેળવણીની અભિવૃદ્ધિ થાય એવી સ્કોલરશીપો દ્વારા વ્યવસ્થાઓ કરવી અને જૈન વ્યાપારની વૃદ્ધિ થાય, એવા ઉદ્દેશથી વ્યાપારિક કોન્ફરન્સો ભરવી.

૩. શ્રાવકો અને શ્રાવિકાઓએ પરસ્પર એકબીજાને સહાય કરવી અને એક મોટું લાખો-કરોડો રૂપિયાનું ફંડ સ્થાપન કરવું. એ ફંડમાંથી પારસીઓની પેઠે જેને જેટલી ધન સહાયતાનો ખપ હોય, તેટલી તેને અમુક નિયમિત નિયમોપૂર્વક આપવી.

૪. જમાનાને અનુસરી જનોની વ્યાવહારિક પ્રગતિ થાય તથા ધાર્મિક પ્રગતિ થાય એવા માર્ગે જનોની લક્ષ્મી ખર્ચાય એવી વ્યવસ્થા કરવી અને લક્ષ્મીનો જે જે માર્ગે વર્તમાન સમયે વ્યય ન કરવા જેવો હોય તે તે માર્ગે વ્યય થતો અટકાવવો.

૫. ગરીબ જૈનોને વ્યાપારાદિક વડે ખાનગીમાં સહાયક કરવી અને જૈન ગણાતો મનુષ્ય કોઇ પણ સ્થાને ભીખ માગતો ન ફરે એવાં જૈનાશ્રમો સ્થાપવાં.

★


સંતના સંસ્મરણો
અવધૂતની આહલેક
યોગીની યુગવાણી
શ્રમણની શ્રુતગંગા

પાથેય

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીએ રોજે રોજ લખેલ ડાયરીનાં બેનમુન પાના એટલે જ

પાથેય

(પ્રેસમાં છપાઇ રહી છે.)
આપની નકલ આજે જ નોંધાવો.
કિંમત : અઢી રૂપિયા

: લખો :

ભગવાન શાહ
૧૭૦-૭૨, ગુલાલવાડી ૧ લે માળે
મુંબઇ-૪

શ્રી કીર્તિલાલ ડાહ્યાભાઈ પરીખ
૧૩/૧૬ ધનજી સ્ટ્રીટ,
મુંબઇ-૩

# ઉપસંહાર

જૈન શાસનની પ્રગતિ માટે દરેક જૈને કટીબદ્ધ થઈને આત્મભોગ આપવો જોઈએ અને સાંકડા મુડદાલ વિચારોને તો હૃદયમાંથી દૂર કરવા જોઈએ.

ભાવિભાવ અને કર્મનો પક્ષ લઈ જો એકાંતે આ બાબતમાં ઉપેક્ષા બુદ્ધિથી જોવામાં આવશે તો જૈનના નામને કલંકિત કરશે.

અસલના કાયદાઓ, આચારો અને આચાર્યો તેમજ સાધુઓ સારા હતા એમ માનીને, વર્તમાન કાળમાં, વર્તનારા સાધુઓ અને સાધ્વીઓ, આચાર્યો, ઉપાધ્યાઓ અને પ્રવર્તકો, શ્રાવકો અને શ્રાવિકાઓ પ્રતિ માનની લાગણીથી જોવામાં નહિ આવે તો જૈન શાસનની ખરેખરી ભક્તિથી ભ્રષ્ટ થવાશે; એમ દરેક જૈને હૃદયમાં ખાસ વિચારવું.

વર્તમાનમાં વિદ્યમાન શાસન ભક્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળાનુસારે મહાવ્રતધારી સત્યોપદેશક એવા આચાર્યાદિના ઉપદેશને અંગીકાર કરવામાં નહિ આવે તો જૈન કોમ પોતાના પગ ઉપર કુહાડો મારીને પોતાના સ્વહસ્તે જ નાશ કરવાની સ્થિતિમાં મૂકાશે.

આશા છે કે ઉપરોક્ત વિચારોથી દરેકના હૃદયમાં સારી અસર થશે અને જૈન કોમ સવેળા જાગૃત થશે.

સ્વની સ્વાધિકાર પ્રમાણે ફરજ એ છે કે જૈન મહાસંઘની પ્રગતિના સદ્-વિચારોને જણાવીને તેનો ફેલાવો કરવો.

જૈન મહાસંઘ સવેળા જાગૃત થશે તો સ્વોન્નતિની વિશેષતઃ આશા રાખી શકાશે.

જૈન મહાસંઘની પ્રગતિના સદ્ વિચારોમાં અને આચારોમાં સ્વદષ્ટિ પ્રમાણે ભાગ લેતાં જે કાંઈ જિનાજ્ઞા વિરુદ્ધ લખાય વદાય તે માટે મહા-સંઘની સમક્ષ—

મિથ્યા મે દુષ્કૃતં શબ્દ દ્વારા ક્ષમા માંગવામાં આવે છે.

★

( ૮ મા પેજથી ચાલુ )

ફથી જે રીતે મોકલવામાં આવે તે રીતે અને જેટલા પાના ભરીને મોકલવામાં આવે તેટલા પાના પોતાના પત્રમાં છાપશે જ.

આ જરાય સંભવ નથી એ વાત 'સેવા સમાજ' ના તંત્રીશ્રીને સમજાવવાની જરૂર છે ખરી ?

ઉપરાંત એ લખે છે:--

"જૈન જગતના સમાચાર છાપવા માટે તો આજે સમાજમાં અનેક પત્રો ચાલી રહ્યા છે...ત્યારે 'જૈન યુગ' ના પ્રકાશનની જાહેરાત સમયે અમને સહેજે બાપુઓનો જમાનો યાદ આવી જાય છે."

બીજા પત્રો ચાલે છે એટલે શું નવું પત્ર શરૂ ન કરવું ? અને 'સેવા સમાજ' ના તંત્રીશ્રી જો જૈન પત્રકારિત્વનો ઇતિહાસ તપાસશે તો તેમને માલુમ પડશે કે 'જૈન યુગ' આજથી લગભગ ૩૦–૪૦ વરસ પહેલાં પણ પ્રગટ થતું હતું. ત્યારે તો 'સેવાસમાજ'


## મુંઝાવાની જરૂર નથી

**તમારી દરેક મનોકામના અમે પૂર્ણ કરી આપીએ છીએ**

આ બધું અમે

જ્યોતિષ, પ્રશ્ન, હસ્તરેખા, મુહૂર્ત આડી–અંતરી વગેરે અધ્યાત્મના શકિતથી કરીએ છીએ.

—: મલો યા લખો :—

## 'નવશકિત' મનમોહન શર્મા

C/o મેઘરાજ જૈન પુસ્તક ભંડાર,

ગોડીજી ચાલ. ગુલાલવાડી, મુંબઇ નં

ટે. નં. C/o ૩૩૩૨૧૩  સમય : બપોરના બે થી

ઘરનું સરનામું:—ઘરે સવારના ૮ થી ૧૨

**'નવશકિત' મનમોહન શર્મા**

૧૪. એડનવાળા મેન્શન,

પરસોતમ ખેરાજ રોડ, પાંચ રસ્તા, મુલુંડ મુંબઇ ૮૦

નો જનમ પણ ન હતો. અને જ્યારે 'સેવા સમાજ' નો જનમ થયો ત્યારે પણ શું બીજા પત્રો ચાલતાં ન હતાં? છતાં પણ 'સેવા સમાજ' નો જનમ થયો.

ત્યારે 'જૈન યુગ' ફરીથી પ્રકાશિત થાય એ સમયે—"પત્રોને કોઇક રીતે પગભર કરવાનો કોન્ફરન્સના કાર્ય-કર્તાઓને વિચાર નથી આવતો. ઉલ્ટાનું જાહેર ખબરો બંધ કરીને તટસ્થ કલમોને રૂંધવાનો કયારેક પ્રયત્ન કરવામાં આવે છે–" આવી વાહીયાત વાતો કરવામાં, એ લેખના લેખક અમને તો 'બાપુ' જેવા (ગાંધી બાપુ નહિ, તેમના લેખમાં તે જેવા બાપુના જમાનાની યાદ આપે છે તેવા બાપુ) જણાય છે.

બાકી કોન્ફરન્સ માટે 'જૈન યુગ'નું પ્રકાશન અનિવાર્ય છે અને એ પુનઃ પ્રકાશિત થઈ રહેવાની યોજનામાં પડયું છે ત્યારે અમો તેનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.

અને આશા રાખીએ છીએ ભૂત-કાળની ભૂલોમાંથી નવો બોધપાઠ લઈ સંગીન રીતે 'જૈન યુગ' કોન્ફરન્સનું પ્રચાર પત્ર બની રહે.

'લગ્ન વિભાગ' એ ત્રીજી જાહેરાત હતી. કોન્ફરન્સના સૂત્રધારો પોતાને ત્યાંના લગ્ન પ્રસંગો એવી જ સાદા-ઇથી ઉજવી શકતા હોય તો જ આ પ્રવૃત્તિ આદર્શ બની રહેશે. બાકી બીજાના છોકરાને જતિ કરવા જેવી આ પ્રવૃત્તિ શરૂ કરીને કોન્ફરન્સે ટીકાઓને જ નિમંત્રણ આપ્યું છે. આ અંગે હજી પણ કંઇક વિશદ વિચારણા થાય એ જરૂરી છે.

અંતમાં હીરક મહોત્સવ પ્રસંગે, કોન્ફરન્સ ખર્ચાળ ધામધૂમ કરવાને બદલે, સસ્તા ભાડાની ચાલીઓ, સ્વતંત્ર રીતે જૈનો કમાઈ શકે તે માટે ધંધા માટે શરતી લોનો વગેરે જેવી રચના-ત્મક પ્રવૃત્તિ કરશે તો હિરક મહોત્સ-વની શોભા અનંતઘણી ઝગમગી ઊઠશે.

—ગુણવંત શાહ.
સંપાદક.

★

⊙ SHANTILAL C. SHAH

# MESSAGE OF LORD MAHAVIR

[ Continue from the last issue Page No. 168 ]

America is the wealthiest nation of the world. But there after every two minutes a man commits sucide and after every only minute a man become mad. Why ? How is that all the worldly possessions miserably fail to satisfy him ? The only reason is this. In America wants are uncontrolled Our wants are just like horses. If the horse is not controlled then it may run in any direction it likes. But if it is controlled by a horse-man then it will go in the proper direction. In the same way we must controled our passions.

How we will try to understand his next message.. That is of "Syadwad or Anekantwad." This basic principle is the kaey of all the solutions of the modern problems. If we desire to have the real truth or if we really want to know the real solution or answer to any problem, then we must very calmly and dispassionately examine all the shades of opinion prevaling in the society or nation. Some blind persons saw one elephant. After examining the body of elephant the blind persons started discussion amongst-themselves about the body of the elephant. The person who could touch the back of the elephant told his friends the animal is like a big tree. While one who touched the foot of the elephant described him as a sword. In the same way every body described the elephant, through his own angle of thought. Then the man of vision came and inform those blind persons whatever opinions you

all express, are all true because each of you has touched certain part of the body only. And hence those opinions are partially correct. This is the example of "Anekantwad." No one in the world should think that whatever opinions he states is correct and whatever opinions others declare are incorrect. We should try to reconcile all shades of opinions and after all what is democracy ? In democracy we have got to respect and to consider calmly the opinion of the opposite sides also. Thus this great principle of democracy has been instructed to us by Lord Mahavira, pretty long years before.

Now let us try to studly his another message. The next message is of sacrifice and self restraint. Lord Mahavira is the ideal examle of sacrsfice and self during his life-time. He rejected the plea of his brother to adopt the thrown of his father. He was not willing to accept the kingdom. He renounced the power and wealth. All the great men of the world are and were simple and therefore they could fullfill their mission. Lenin, the maker of Russia was having a very simple diet. Similarly Gandhiji used to consume few items only for his diet. And because they were simple they could contribute so much to the mankind.

So if we want good health and peace we must observe the principale of "Self Restraint."

The society or nation fluorishe only if the people of the nation make sacrifice. Similarly in a family if all the people observe self restrain, then in that family there would be no difference of opinions. The family will very peacefully stay for number of years. Hence we should always keep in our

mind this message, of sacrifice and self restrain.

Principle of "Karamwad" is his next teaching. Every man is the incarnation of his own progress. Man is the architect of his own life. He can built up his own career. This is the message of Lord Mahavira. If you want good religious life you can do it by your own actions and deeds

If we Perform good deeds in the world then we are bound to get good fruits either during our life time or after it. In whatever conditions we may born, we can make our life sublime by our own actions and deeds.

This is his message to us.

Similarly Lord Mahavira by his own acts and deeds has not only adovacated but implemted democracy in the spiritual field also. During those days the language of the holy books of religion was Sanskrit and the common people were not all conservant with Sanskrit languge. So he translated those holy books into Ardhhmagdhi which could be understood by all the common people. So the knowledge which was a previlege and the monoply of the few, was brought to light and made open to the men in the street. In short he advocated for spritual democracy. It was he who made the holy temple of "Saraswati" open to all. All the people were then in a position to understand the religious knowledge.

Now we shall try to study his next message. He has by his own conduct and behavioer lead before us and example of attaching highest

importanee to character. Religion means the real development of mind. Unless we develope our mind, properly we are not entitled to claim ourself to be religious. So we must conquer the (षड्रिपु) and then and then only we can be real "Jains and or religious." The religion does not mean only performance of certain ceremonies. But the equatation of ceremony is equal to religion without character is not at all correct. We have in short dealt with in this essay the message of Lord Mahavira given to us.

★


# क्या आप चाहते है

कि आपका नाम, आपका गांव और शहरका नांव, आपको संसथाओं और जिनमंदिरे सदायके लिए इतिहासमें अमर हो जायें? और आनेवाली पीढीयोंके लिए वह गौरवशालिन बन जायें? तो आज ही आप निम्न लिखी माहिती भेजनेकी कृपा करें:—

(१) आपका पूरा नाम और पता

(२) आपके गाम और शहरमें रहनेवाले, श्वेतांबर, दिगंबर, स्थानकवासी और तेरापंथी, सभी जैनोंको घरोंकी संख्या

(३) आपके धार्मिक स्थान और जिनालयोंकी संख्या

इस पते पर भेजनेकी कृपा करें:—

**प्रतापमल सेठिया**

६९-७१, धनजी स्ट्रीट, बम्बओ २.

# શાસન સમાચાર

અખિલ ભ ... શ્રી શ્રી મહીપતરાય

જાદવજી શ ... અપીલ કરે છેઃ—

સુહૃદ ... ભાઇ બેન કામધંધા વગરના ન રહે તે માટે કો ... પ્લોયમેન્ટ એક્ષચેન્જ વિભાગ ચાલુ કરેલ છે.

ચારેય ફીરકાના જૈન ઉદ્યોગપતિઓ, વેપારી બંધુઓ અને સામાજિક સંસ્થાઓને જે જાતના જ્ઞાન ધરાવતા માણસોની જરૂર હોય તેઓથી તેમજ—

જે શીક્ષિત ભાઇ–બેનોને જે જે વિષયમાં રસ હોય તે તે પ્રકારની નોકરી માટે નીચેના સરનામે સંપર્ક સાધવો.

વધુમાં પ્રાંતિયતાના ભેદભાવ વગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કુટુંબોમાં લગ્ન પ્રસંગે આદર્શ અને સંસ્કારિક રીતે સાદાઇથી વરપક્ષ તથા કન્યાપક્ષ પાસેથી રુપિયા સવાસો–સવાસો લઇને **લગ્ન વિભાગ શરૂ કરેલ છે.**

સમાજ એમને ત્યાંના લગ્ન પ્રસંગો આ વિભાગ દ્વારા સાદાઇથી ઉજવવા અંગેની સેવા કોન્ફરન્સને સોંપે એ અપેક્ષા રાખવામા આવે છે.

:— મળો યા લખો :—

**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ**

૨૦, પાયધુની, ગોડીજી બિલ્ડીંગ બીજે માળે,,

**મુંબઈ–૨.**

# ક્ષમાયાચના

ગતાંક—મહાવીર જન્મ કલ્યાણુક અંકમાં શરતચૂકથી કેટલીક વ્યક્તિઓના નામમાં છબરડો થઈ જવા પામ્યો છે. આ છબરડા માટે તેઓશ્રી અમને ક્ષમા કરે એવી પ્રાર્થના છે.

(૧) પાન નં. ૧૧૧ ઉપર પ્રગટ થએલી 'છપ્પરીયો' વાર્તાના લેખિકા, તાજેતરમાં જ દિવંગત પામેલા નવલિકા સમ્રાટ સાક્ષર શ્રી ધૂમકેતુની વિદુષી પુત્રી કુ. ઉષા જોષી છે.

[ કુ. ઉષા દેસાઇની શરતચૂક છે. ]

આજ વાર્તાના ઉપર મથાળે "ત્રણ ત્રણ દીકરીઓની લાશ' છે તેને બદલે—"ત્રણ ત્રણ દીકરાઓની લાશ" વાંચવા વિનંતી છે.

(૨) પાન નં. ૧૫૩ "મંગળ વારસો" ના પરિચયમાં, ડાબી બાજુઃ—ફાળિયાવાળા ભાઇશ્રી ત્રીજા નંબરે શેઠશ્રીના આજ્ઞાંકિત અને ધર્મ-વત્સલ સુપુત્ર શ્રી સેવતીભાઇ સોમચંદ ઊભા છે.

[ શ્રી સુમતિભાઈ સોમચંદની શરતચૂક છે. ]

(૩) પાન નં. ૧૬૨ ઉપરઃ—ભગવાનને ખોળામાં લઇને શ્રી રસિકલાલ મણીલાલ (દવાવાળા) ના મોટા ભાભી ચંદ્રાવતી કાંતિલાલ બેઠા છે,

[ મોટા બેનના પરિચયમાં શરતચૂક છે. ]

મશીનના ભૂતે ફોટાઓના બ્લોકને ક્યાંક ક્યાંક ખૂબ જ ખરાબ રીતે બગાડી નાંખ્યા છે. મશીન ચાલુ છાપકામે બગડી જવાથી તેમ બનવા પામ્યું છે, એ ફોટાઓનું અમને ભારોભાર દુઃખ છે. આ માટે એ ફોટાઓ આપનાર ઉદાર ગૃહસ્થોનો અમે અંતઃકરણપૂર્વક ક્ષમા માંગીએ છીએ.

## આગામી અંક

**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી પુણ્ય સ્મૃતિ અંક પ્રગટ થશે.**

માલિક, મુદ્રક અને પ્રકાશક : ઇંદિરા ગુણવંતલાલ શાહ
મુદ્રણાલય : "જૈન વિજય" પ્રિંટિંગ પ્રેસ, ગાંધીચોક—સુરત.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

# ગંધાતા ખાબોચિયા ન બનો

રૂઢિ ક્રિયાના સંકુચિત મનરૂપ ખાબોચિયામાં ધર્મરૂપ જળ ગંદુ બની જાય છે.

અને તે ઉપર ક્લેશ, અજ્ઞાન, મોહ, રાગ. દ્વેષ, હિંસાભાવ, જડતા વગેરેની સેવાળ જળ ઉપર એટલી બધી વિસ્તરાઇ જાય છે કે—

જેથી તેમાં રહેલાં યત્કિંચિત્ જળનું પણ ભાન થતું નથી તેવા પ્રસંગે તેમાં તુચ્છ જંતુઓ રહે છે. એવા ગંદા જળમાં—

## જ્ઞાની હંસો તો આવી શકે જ નહિ

દરેક ધર્મમાં રૂઢિબંધનો, અનુષ્ઠાનો અને વિચારોમાં—

**શુષ્કતા, અધ્યાત્મજ્ઞાનનો અભાવ, અજ્ઞાનનો પ્રચાર તથા મોહાદિ દ્વારા સંકુચિત દૃષ્ટિ થતાં—**

તેની દશા ગંધાતા જળના ખાબોચિયા જેવી થાય છે. તેવી સ્થિતિ થયા બાદ તે ધર્મની વિશાળતા ટળી જાય છે તેમજ તેમાં શુદ્ધ ધર્મરૂપ જળના અભાવે જ્ઞાનીઓ ખાબોચિયારૂપ થએલ ધર્મથી વિમુખ થાય છે.

**જૈન ધર્મોપાસકોએ ગમે તેવા વ્યાવહારિક રૂઢાચારોના યોગે જૈન ધર્મની ખાબોચિયા જેવી સ્થિતિ ન થઇ જાય તે સબંધી ખાસ વિચાર કરીને ઘટતા ઉપાયો લેવા જોઇએ.**

અનેક મતમતાંતરોમાં વહેંચાયેલી અને મતભેદે પરસ્પર એકબીજાને અધર્મી, પાપી અનાચારી માનનારી પ્રજાએ પોતાની ગંધાતા ખાબોચિયા જેવી દશા છે કે કેમ તેનો સ્વયમેવ વિચાર કરીને—

**સંકુચિતતા, અજ્ઞાન, દ્વેષ, કલેશ, મતની અસહિષ્ણુતા, વેર-નિંદા વગેરે દોષો ટળે અને—**

**ધર્મની વિશાળતા, ઉત્તમતા અને નિર્મળતાની વૃદ્ધિ થાય એવા ઉપાયો લેવા.**

**શ્રી વિરપ્રભુએ નાત જાતની મહત્તા માની નહોતી એમ સૂત્રો પરથી સિદ્ધ થાય છે.**

**—[ધાર્મિક ગદ્ય સંગ્રહ]**

સુજ્ઞ વાંચકો,

બુદ્ધિપ્રભા જૈન ડાયજેસ્ટનો માર્ચ માસનો અંક ન છુટકે અમારે બંધ રાખવો પડયો હતો. તેનું વળતર વાળી આપવા માટે મહાવીર જન્મ કલ્યાણક અંક લગભગ ૨૫૦ પાનાનો દળદાર કાઢવાનો અમે નિર્ધાર કર્યો હતો.

પરંતુ સવાસો પાના પૂરા છપાય તે જ સમયે છાપવાનું મશીન એકાએક કડાકા સાથે બંધ પડી ગયું.

અને એટલું ય જાણે અધૂરૂં હોય તેમ અમારા આત્મીય જન જેવા પ્રેસના માલિક શ્રી મૂળચંદભાઈના કૌટુંબિક સંબંધોમાં, બે દિવસના આંતરે બે સ્વજનોએ સદાય માટે આંખ મીંચી દીધી!!

મૃત્યુનો શોક અને મશીન બગડવાને કારણે અમારો નિર્ધાર અધૂરો રહ્યો. અમારે લેખો વગેરે રદ કરવા પડયા. ઉદા૦ વેપારી બંધુઓએ આપેલી જાહેર ખબરો પણ કેટલીક જતી કરવી પડી. બાકીનાં પાના બીજી પ્રેસમાં છાપવા આપવા પડયા.

આ આઘાત અને ઉતાવળના કારણે ગયો અંક અમે ખૂબ ખૂબ મોડો આપને આપ્યો છે તે માટે અમે ખરા અંતઃકરણથી ક્ષમા ચાહીએ છીએ અને આશા રાખીએ છીએ અમારા એ વિલંબને આપ સૌ સહાનુભૂતિની નજરથી જોશો.

હજુ પણ મશીન બગડેલું છે અને નાના મશીન પર આ ચાલુ અંક તૈયાર કરવો પડેલો હોવાથી આ અંકના પાના અમારે ના છુટકે ઓછા આપીને આ અંક અમારે નાનો બહાર પાડવો પડયો છે.

આ પાનાઓનું વળતર અમે આગામી અંકોમાં જરૂરથી વાળી આપીશું.

અંતમાં ગતાંકની ગરબડ અને ભૂલો માટે અમે ત્રિવધે ક્ષમા માંગીએ છીએ.

લિ. તંત્રીઓ.

Cover printed at Kishore Printery - Crescent Chambers,
Tamarind Lane, Fort. Bombay 1.